# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાના ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website ‘swargarohan.org’**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧. નૂતન વર્ષાભિનંદન | તંત્રી | ૩ |
| ૨. સદ્‌ભાવભરી અમૂલ્ય સહાય | મા સર્વેશ્વરી | ૪ |
| ૩. પ્રભુ ધારે તે કરે | યોગેશ્વરજી | ૫ |
| ૪. શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| ૫. સૌન્દર્ય અને શણગાર ‘મા’ ક્યાં સુધી ‘મા’ | આચાર્ય કલ્યાણ બોધિ | ૧૨ |
| ૬. વ્હાલી દીકરીને પત્ર | બિપિન પટેલ | ૧૫ |
| ૭. પૂ.માની નાયગ્રા યાત્રા(૨) | મા શ્રી સર્વેશ્વરી | ૧૮ |
| ૮. પૂ.રણછોડદાસજીની– બાલગોષ્ટિ | દમયંતીબહેન સેજપાલ | ૨૩ |
| ૯. સત્સંગ | જ્યોતિબહેન થાનકી | ૨૯ |
| ૧૦. સોક્રેટિસને ઝેર શા માટે? | ભદ્રાયુ વછરાજાની | ૩૪ |
| ૧૧. સૂર્યની શીખ | વિનોબા ભાવે | ૩૭ |
| ૧૨. જો દ્રષ્ટિ બદલાય જાય તો... | ઉપાધ્યાય શ્રી પુંડરીકવિજયજી મ.સા. | ૪૧ |
| ૧૩. શું ભગવાન આજે પણ આપણી સાથે વાત કરે ખરો? | ડૉ.આઈ.કે.વિજળીવાળા | ૪૬ |
| ૧૪. પ્રસંગ સંકલન | અનંત શુકલ | ૫૩ |
| ૧૫. મન સાથે મૈત્રી | વિમલા ઠકાર | ૫૬ |
| ૧૬. છાશની હાશ પર્વ | જ્યોત્સ્નાબહેન ત્રિવેદી | ૫૮ |
| ૧૭. શ્રી રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# નૂતન વર્ષાભિનંદન

—તંત્રી

આ વખતે સંવત ૨૦૭૧ના વર્ષનો પ્રારંભ ઓક્ટો, ૨૪, ૨૦૧૪ના રોજ થઇ રહ્યો છે એટલે આ ઓક્ટોબરનો અધ્યાત્મનો અંક વાંચકોના હાથમાં આવશે—ત્યારે કે તે પછી વિક્રમ સંવત ૨૦૭૧નું વર્ષ પ્રારંભ પામશે કે પ્રારંભાયું હશે.

ભારતીય સંસ્કૃતિ પ્રમાણે એથી અમે—એટલે પૂ.શ્રી યોગેશ્વર અને મા સર્વેશ્વરી પરિવારના સાધકભાઇબેનો તેમજ અધ્યાત્મ પરિવારના ભાઇઓ સર્વે વાંચકોને નૂતન વર્ષાભિનંદ પાઠવીએ છીએ.

ઈશ્વરને પ્રાર્થના કરીએ કે નવું વર્ષ સૃષ્ટિના સર્વ માનવો ને જીવો માટે સુખ, શાંતિ ને આબાદી લાવનારું નીવડો. ભૌતિક સુવિધા ને સમૃદ્ધિ સાથે સાથે આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે પણ માનવો આગળ પગલાં માંડે, એવું હે પ્રભુ, તું કરજે.

“સંસારના બધાય જીવો સદા સુખી હો”

નવા વર્ષે સૌ માનવો પર પૂ.મા—પ્રભુના આશીષ ઉતરો—એજ મંગલ કામના.



# સદ્ભાવભરી સહાય

ઓક્ટોબર માસમાં જ જેમણે જન્મ લીધો. ૯૫ વરસનું દીર્ઘ જીવન આરોગ્ય સાથે જીવી શક્યા, પરમ ભાગ્યશાળી એ પિતાની સેવા સંતાનોએ ભક્તિભાવથી કરી. અરે, વારંવાર વિદેશ લાવી પિતાની સર્વ ઇચ્છા પૂર્ણ કરી.

એ પિતાજી શ્રી કાંતિલાલ શાહની પવિત્ર સ્મૃતિમાં આ અંક અર્પણ થઇ રહ્યો છે.

ધન્યવાદ હે પ્રભુપ્રેમી સાધક, સત્સંગી, સત્કર્મ પરાયણ, પિતૃભક્ત શ્રી ચંદ્રકાન્તભાઇ—અનસુયાબેન. આપને ફરીફરી અભિનંદન. ગુરુદેવ પ્રભુ આપનું સર્વ પ્રકારે મંગલ કરો.

—મા સર્વેશ્વરી

# પ્રભુ ધારે તે કરે

—યોગેશ્વરજી

મથુરબાબુને શ્રી રામકૃષ્ણ પરમહંસ પર અનન્ય પ્રીતિ હતી. એમની સેવા કરવા એ ખડે પગે તૈયાર રહેતા. એમના પર એમને વિશ્વાસ પણ ઘણો હતો. દક્ષિણેશ્વરમાં જ્યારે જ્યારે આવતા ત્યારે ત્યારે રામકૃષ્ણદેવની સાથે એ ધર્મ તથા ઈશ્વર વિશેની ચર્ચા કરતા, અને શાંતિ મેળવતા. રામકૃષ્ણદેવને એ ગુરુભાવથી જોતા.

એક દિવસ એ રામકૃષ્ણદેવની સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા ત્યારે રામકૃષ્ણદેવે કહ્યું :

'ઈશ્વર જે ધારે તે બધું જ કરી શકે છે. એને માટે અશક્ય કે મુશ્કેલ જેવું કાંઈ જ નથી. જળને ઠેકાણે સ્થળ અને સ્થળને ઠેકાણે જળ કરવાનું એના હાથમાં છે.'

એ સાંભળીને મથુરબાબુ બોલ્યા :

'હું નથી ધારતો કે ઈશ્વર જે ધારે તે બધું જ કરી શકતા હોય. ઈશ્વરની શક્તિ પણ મર્યાદિત છે. દાખલા તરીકે આ સામેના બગીચામાં જે છોડ છે, તેના પર લાલ રંગનાં ફુલ છે. ત્યાં શું ઈશ્વર ધારે તો પણ સફેદ રંગનાં ફુલ કરી શકે? કદાપિ નહીં. એ એના હાથની બહારની વાત છે.'

રામકૃષ્ણદેવે શાંતિથી કહ્યું :

'તમે એ વાતને ઈશ્વરના હાથની બહારની વાત ભલે માનતા હો; પરંતુ ખરેખર તેવું નથી. ઈશ્વર સર્વસમર્થ છે, ને



તેને સર્વસમર્થ એટલા માટે જ કહેવામાં આવે છે, કે તે જે ધારે તે બધું જ કરી શકે છે. જ્યાં લાલ રંગનાં ફુલ થતાં હોય ત્યાં ધોળા રંગના ફુલ કરવાનું એને માટે અસંભવિત નથી.'

પરંતુ મથુરબાબુને ગળે એ વાત ન ઉતરી. એમણે ચર્ચા કરવાની ચાલુ જ રાખી.

બીજે દિવસે મથુરબાબુ દક્ષિણેશ્વરના ધામમાં આવ્યા, ત્યારે રામકૃષ્ણદેવે તેમને હસતાં હસતાં કહ્યું : 'તમે કહેતા'તા ને કે લાલ ફુલના છોડ પર ઈશ્વર ધોળું ફુલ ના ઉગાડી શકે? પણ જુઓ, આ સામેની ડાળી પર લાલ ફુલની સાથે ધોળું ફુલ પણ ખીલેલું છે!

'એ બની શકે જ નહીં.' મથુરબાબુ બોલી ઉઠ્યા.

'પણ જુઓ તો ખરા.'

મથુરબાબુએ છોડની પાસે જઈને જોયું તો એમને ખરેખર આશ્ચર્ય થયું. છોડ પર લાલ ફુલ તો હતાં જ, પણ એમની વચ્ચે એક ધોળું ફુલ પણ ઉગેલું. એ તો દિગ્મુઢ બની ગયા. એમની બુદ્ધિ કાંઈ કામ ન કરી શકી.

રામકૃષ્ણદેવે પૂછ્યું : 'કેમ? ઈશ્વર જે ધારે તે કરી શકે ને?'

મથુરબાબુ શું બોલે? બોલવા જેવું હતું જ શું? એ રામકૃષ્ણદેવને પગે પડી ગયા.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૭ ઓક્ટોબર–૨૦૧૪ અંક ૧


## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળઃ–૫૫, અરૂણોદય સોસાયટી, વડોદરા**

**તા.૧૬/૦૭/૮૨, શુક્રવાર**

આજે સવારે બેઠકમાં ખાસ કંઇ વાતો ન થઇ. રાજુભાઇ પૂરોહિતનો આજે જન્મદિવસ. પૂ.શ્રીએ કહ્યું. નવા નવા જન્મદિવસ આવ્યાં કરે, એમ જ લાગે કે રોજ જન્મદિવસ જ છે.

એમને સાકર આપો, કેળુ આપો. સર્વેશ્વરી પૂ.શ્રીની સુચનાથી સૌને સાકર આપે છે.

નોંધ ખાસ ન થઇ. પૂ.શ્રી સવારે લેખન માટે બેઠા પછી વાતો કરતાં કહ્યુંઃ–હું તો ખૂબ પ્રેમાળ છું, રસ્તે ચાલનાર કીડીને પણ દુઃખ થાય, એવું ઇચ્છતો નથી.

બપોરે પૂ.શ્રીએ ફરીથી સમયસર લેખન શરૂ કરતાં પહેલાં કહ્યુંઃ–નિયમિત કામ તો કરવું જ જોઇએને! સંસારના ભોગમાં ભૂલી જાય તે ભોગી ને સંસારના ભોગમાં પ્રભુને ન ભૂલે તે



યોગી. આપણે તો યોગી છીએને, એટલે સમયસર લખવું જોઇએ એમ કહી પૂ.શ્રી લેખન માટે બેઠા છે. છ વાગ્યા સુધી લેખન કરે છે પછી થોડી વાતો કર્યા બાદ સત્સંગ માટે તૈયાર થાય છે.

ત્રણેક ભાઇઓએ ભજનો ગાયાં. સર્વેશ્વરીએ ભજન ને નોંધનું કાર્ય કર્યું. પ્રશ્નો શરૂ થયા.

**પ્રશ્નઃ–**મનને શાંત કરવા શું કરવું?

**પૂ.શ્રીઃ–**તમારા બધાનો એક જ પ્રશ્ન છે તો જવાબ પણ એક જ.

જેનાથી મન અશાંત થાય તે કારણો શોધી દૂર કરવાં.

દરેકનાં મન જુદી જુદી રીતે અશાંત છે. ભક્તો ભગવાનની કૃપા વિના અશાંત છે.

દરેકનું કારણ જુદું જુદું છે. શાસ્ત્ર કહે છે મન અશાંતિનો અનુભવ લાલસાથી, વાસનાથી, અહંકારથી, મમત્વથી, રાગથી, દ્વેષથી, ઇર્ષ્યાથી, અસૂયાથી સંકુચીતતાથી, સ્વાર્થથી, અવિદ્યા ને મોહથી કરે છે.

એ બધું દૂર કરો એટલે મન શાંત. બધું જ જીવનમાં હોય, શાંતિ આનંદ પણ હોય છતાં તમે તે ભોગવી ન શકો. તમારી પાસે તે આનંદ ને શાંતિને ભોગવવાની કળા ન હતી.

તમે ધારો તો શાંતિ ને આનંદ નાની નાની વાતમાંથી પણ લૂંટી શકો.

એમ કહેવાય છે કે ભગવાનનું ભજન કરો તો શાંતિ મળે. એનો અર્થ જેમ જેમ ભજન કરો તેમ તેમ મન વધુ ને વધુ નિર્મળ થાય એટલે શાંતિ પણ મળે.

**પ્રશ્નઃ—**ઘરમાં જીવજંતુ નુકશાન કરતાં હોય તો તેનો નાશ કરતાં હિંસા થાય તો શું કરવું?

**પૂ.શ્રીઃ—**તમે શરીર ધારણ કરો એટલે કેટલુંક અનિવાર્ય હોય છે. તમે હમણાં બેઠાં છો ત્યાં પણ સાયન્સ કહે છે કે કોઈપણ જગ્યા ખાલી નથી, તો જીવજંતુવાળી છે. શ્વાસ લીધો, પાણી પીધું તો જંતુ છે જ.

જીવવા માટે ખાવું, પીવું, ચાલવું પડે જ, તે અનિવાર્ય છે. શોખ માટે હિંસા કરો. દા.ત. કોઈપણને મારો અથવા પીંજરામાં પૂરો તો તે જીવવા માટે જરૂરી નથી. તે હિંસા નિવાર્ય છે. નિવારી શકાય એવી છે.

જ્યારે કેટલીક હિંસા અનિવાર્ય છે. શોખ માટે હિંસા થાય તે અપરાધ છે અને જીવવા માટે અનિવાર્ય હિંસા થાય તે ક્ષમ્ય છે.

સ્વબચાવ—સ્વરક્ષણ માટે હિંસા કરવી પડે તો તે જરૂરી છે. વિવેક વિનાની હિંસા નિવારી શકાય છે.

સત્સંગ પૂરો થયો. સૌ વિદાય થયા. પૂ.શ્રીએ મમરા, સેવ, દૂધ વગેરે લીધું પછી ઈંગ્લેન્ડથી એક ભાઈનાં સાત કાર્ડ આવ્યાં હતાં. જેમાં તે ભાઈને પૂ.શ્રીના હસ્તાક્ષરો ને સુવાક્યો જોઈતાં હતાં. પૂ.શ્રીએ તે સૌને નીચે મુજબ લખ્યું.

જીવન બને તેટલું નિર્મળ બને,
વ્યસન રહિત બને, વાસના મુક્ત બને,
સૌની સ્નેહપૂર્વક સેવા કરે.
(ડૉ. **નિરંજન**)



ક્ષણે ક્ષણે ભગવાનનું નામ,
ભગવાનનું સમજીને સઘળું કામ,
શ્વાસે શ્વાસે જપો નામ.
(**માતા**)

જીવન લીલા છે
તેને પ્રેમપૂર્વક જીવીએ,
મોહથી નહીં.
(**પ્રમીલા**)

આવી શાશ્વત શાંતિ
આત્માને ઓળખવાથી જ,
આત્મભાવનાના વિસ્તારથી જ
સાંપડી શકે.
(**ભગવાન પરમાર**)

Like a lamp
illuminate the encircling
Gloom always.
**(Dipak)**

Life is a Kiran–a Ray From the Almighty, Become Kiran or Ray of love, purity, peace and Bliss.
**(Kiran)**

જે દત્ત બને છે તે પોતાને રક્ષી શકે છે. પ્રલોભનોમાંથી, ભયસ્થાનોમાંથી, દુગુર્ણો, દુર્વાસના, દુષ્કર્મોમાંથી, જે દક્ષ બને છે. જાગ્રત રહે છે. સતત સાધના કરે છે તે પોતાને ને બીજાને રક્ષી શકે છે.

**(દત્તા)**

દરેકના નામ પ્રમાણે પૂ.શ્રીએ મૌલિક રીતે કંઈક ને કંઈક સુવિચાર લખી આપ્યા. જે ખૂબ સરસ હતા, જેથી આ નોંધપોંથીમાં લખાણ પામ્યા. પછી આરામ.

**(હરિ:ૐ)**

(ક્રમશઃ)

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# સૌન્દર્ય અને શણગાર

**–આચાર્ય કલ્યાણ બોધિ**

કોન્ફ્યુશ્યસની દીકરી ખૂબ જ સ્કોલર હતી. એકવાર પિતાએ એને પ્રશ્ન કર્યો, ''બેટા! ગાલ પર ચોપડવાની બેસ્ટ લાલી કઈ હશે?'' દીકરીએ જરા સ્મિત કર્યું અને જવાબ આપ્યો, ''પિતાજી! સ્ત્રી માટે લજ્જાથી વધુ ઉત્તમ લાલી બીજી કઈ હોઈ શકે? લજ્જા એ જ સ્ત્રીઓનો સાચો શણગાર છે.''

એકવાર યુરોપમાં વિશ્વના ત્રણ વિદ્વાનો ભેગા થઈ ગયા. એક હતા મરાઠી સાહિત્યના અગ્રગણ્ય નવલકથાકાર પેંડસે, બીજા હતા ફોર્સ્ટર અને ત્રીજા હતા સ્ટિવન્સન, અંગ્રેજી સામયિક 'સ્ટેટસમેન'ના સંપાદક. ત્રણે વિદ્વાન મિત્રો વચ્ચે અલકમલકની વાત ચાલી. સ્વિટવન્સને પેંડસેને પૂછ્યું, ''હમણાં જ તમે ફ્રાંસ જઈ આવ્યા છો. પેરિસ અને ઈંગ્લેન્ડના જીવન વચ્ચે તમને શું ફરક લાગ્યો?'' પેંડસેએ કહ્યું, ''ફરક તો છે જ. અંગ્રેજ સ્ત્રીઓમાં શરમ નથી. જ્યારે પેરિસની અને ભારતીય નારીઓની આંખમાં મેં શરમ જોઈ.'' આ સાંભળીને ફોર્સ્ટર અને સ્વિટવન્સન બંને પેટ પકડીને હસ્યા. તેમણે પૂછ્યું, 'શું તમારો એવો આગ્રહ છે, કે સ્ત્રીઓએ શરમાવું જોઈએ?' પેંડસેએ સૌષ્ઠવ સાથે જવાબ આપ્યો, ''જરૂર, સ્ત્રી શરમાય છે, ત્યારે જ એ અધિક સુંદર લાગે છે.''

જુનવાણી અને બંધન જેવા નામ આપીને આપણે જેને વગોવી રહ્યા છીએ અને ફગાવી રહ્યાં છીએ એ આપણી સંસ્કૃતિ સ્વતઃ (ઈટ સેલ્ફ) સંપૂર્ણ છે, એની ખાતરી આપણને આવાં પ્રસંગો કરાવી રહ્યા છે. આપણી સાંસ્કૃતિક જીવનશૈલીમાં અને સાંસ્કૃતિક પહેરવેશમાં લજ્જા જીવતી હતી, સૌન્દર્ય અને શણગાર જીવતાં હતાં અને સચોટ શબ્દોમાં કહું, તો 'સ્ત્રીત્વ' જીવતું હતું. એક કડવું સત્ય એ છે, કે જમાનાવાદીઓ જેને નારી–સ્વાતન્ત્ર્ય કહેતા હોય છે, એ જ વાસ્તવમાં નારીની સ્મશાનયાત્રા હોય છે ને પછી કહેવાતો વિકાસ

એ મડદાના શણગારથી વધુ કશું જ રહેતો નથી. 'સ્ત્રીત્વ'ની હિંસામાં મને વર્તમાન સમયનો સૌથી મોટો અપરાધ દેખાઇ રહ્યો છે. જેનાથી આપણો સમગ્ર સમાજ સર્વનાશના ખપ્પરમાં હોમાઇ જશે. 'સ્ત્રીત્વ' જ સમાનજીવનની સંજીવની છે. એને જીવાડો સમાજ જીવી જશે.

### 'મા' ક્યાં સુધી 'મા'?

સાંસારિક જીવનમાં સ્નેહ અને વાત્સલ્યનું સર્વોચ્ચ શિખર એટલે 'મા'. શબ્દોના સીમાડા આવી જાય... કલ્પનાઓ કુંઠિત થઇ જાય અને જેનું મૂલ્યાંકન કરતાં મન ખુદ મુંઝાઇ જાય, એનું નામ 'મા'.

'મા' ક્યાં સુધી 'મા'? આ પ્રશ્નનો જવાબ શાસ્ત્રોમાં અદ્ભુત રીતે આપવામાં આવ્યો છે—

**आस्तन्यपानाज्जननी पशूना—**
**मादारलम्भावदि बाधमानाम् ।**
**आगेहकर्म्मावधि मध्यमाना—**
**माजीवितात्तीर्थमिवोत्तमानाम् ॥**

(૧) જે જીવો પશુ સમાન છે, તેમના માટે 'મા' ત્યાં સુધી જ 'મા' છે, જ્યાં સુધી એ સ્તનપાન કરાવે છે.

(૨) જે જીવો અધમ છે, તેમના માટે 'મા' ત્યાં સુધી જ 'મા' છે, જ્યાં સુધી તેઓ પરણ્યા નથી.

(૩) જે જીવો મધ્યમ છે, તેમના માટે 'મા' ત્યાં સુધી જ 'મા' છે, જ્યાં સુધી મા ઘરકામ કરતી રહે છે.

(૪) જે જીવો ઉત્તમ છે, તેમના માટે તો આજીવન 'મા' એ સાક્ષાત તીર્થરૂપ છે, 'મા' એ જીવનભર મા જ રહે છે.

દુનિયા આપણું મૂલ્યાંકન કદાચ સંપત્તિ, સત્તા કે સૌન્દર્યથી કરી બેસશે. પણ જ્ઞાનીઓની દૃષ્ટિ તો કૃતજ્ઞતા અને ઔચિત્યથી જ આપણું મૂલ્યાંકન કરે છે...કે આપણે કોણ? ઉત્તમ? મધ્યમ? અધમ કે પશુ?



શ્રીરામ

# વ્હાલી દીકરીને પત્ર

—બિપિન પટેલ

બેટા અપર્ણા,

ગઇ કાલે જ **દિવ્યજીવન** માસિક પત્રિકાનો અંક ટપાલમાં આવ્યો. યુવા પ્રોફેસર કિસલયની સરસ મઝાની વાત મેં તેમાં વાંચી. બેટા! કાર દ્વારા કોલેજ જતાં તેને કેવળ પંદર મિનિટ જ થાય, તેમ છતાં તે કોલેજ શરૂ થવાના સમય પૂર્વે એક કલાક પહેલાં પોતાની ઇનોવા કાર લઇને ઘરેથી નીકળી જાય. થોડા મહિનાઓ પહેલાં જ તેની માતાનું નિધન થયું હતું. જ્યારે પણ તે ઘરની બહાર નીકળે એટલે માતાના ફોટાને પ્રણામ કરીને નીકળે. એ જ રીતે એક દિવસ જ્યારે તે કોલેજ જવા માટે નીકળ્યો, ત્યારે તેનો એક મિત્ર ટપકી પડ્યો, 'ચાલ! આજે તો હું પણ તારી સાથે આવું...' કહેતાં ડ્રાઇવર સીટની બાજુમાં તે ગોઠવાય ગયો. કિસલયે કાર સ્ટાર્ટ કરી એટલે હસતાં હસતાં તેણે પ્રશ્ન કર્યો, 'કિસલય! તારી ઇનોવાની પાછલી સીટ તો ખાલી જ! તે કોને માટે છે?' મિત્રનો પ્રશ્ન સાંભળી કિસલય હસ્યો. પછી તેણે કહ્યું, 'ફૂલો માટે!' કિસલયનો જવાબ સાંભળીને તેના મિત્રને આશ્ચર્ય થયું. તે કંઇ કહે કે સમજે તે પહેલાં જ કિસલયે બ્રેક મારી. કાર ઊભી રહી. એટલે કિલકિલાટ કરતાં ચાર પાંચ હસતાં રમતાં બાળ પુષ્પોએ તેની કારને ઘેરી લીધી. કિસલયે પાછલો દરવાજો ખોલ્યો. એટલે તે બાળકો કારમાં ગોઠવાય ગયાં! કાર સ્ટાર્ટ કરતાં કિસલયે તેના

મિત્રની આંખોમાં જોયું. જાણે કહેતો ન હોય કે.. ભરાઇ ગઇને મારી ઈનોવા ફૂલોથી! કેવાં મહેંકે છે એ ફૂલો! મિત્ર તેનો હસી પડ્યો! જુદી જુદી પ્રાથમિકશાળાનાં એ ભૂલકાંઓ. તેમની શાળામાં પહોંચાડીને તે કોલેજ ગયો. સાંજે જ્યારે કોલેજ બંધ થઇ ત્યારે તે ફૂલગલીમાં ગયો. ઘણાં બધાં ફૂલો ખરીદ્યાં. રસ્તામાંથી કેટલાંક ફળો લીધાં અને પહોંચી ગયો સરકારી હોસ્પિટલમાં! ત્યાં પહોંચીને ફળ અને ફૂલ લઇને દરેક દરદીના પલંગ પાસે જઇને તેમને ફૂલ અને ફળ આપીને જલદી સારાં થઇ જવાની શુભકામનાઓ વ્યક્ત કરીને તે ઘરે પહોંચ્યો, ત્યારે તેનો પેલો મિત્ર તેની રાહ જોતો દરવાજામાં ઊભો હતો. તરત જ તેણે કિસલયને પૂછ્યું; 'કિસલય! તું ક્યાં ગયો હતો? કોલેજ તો ક્યારની બંધ થઇ ગઇ હશે..!' માર્મિક હસતાં કિસલયે કહ્યું; 'ભગવાનને મળવા...' પહોળી આંખે પેલો મિત્ર જોતો જ રહ્યો કિસલયને...! એટલે કિસલયે કહ્યું, 'હા! મિત્ર! ફૂલ' સા માસુમ અને કોમળ ભૂલકાંઓમાં હું સવારે ભગવાનનાં દર્શન કરું છું. સાંજે હોસ્પિટલમાં દર્દીના રૂપમાં સાક્ષાત્ નારાયણને મળું છું! મિત્ર! બિચારો! જોતો જ રહી ગયો કિસલયને! કેવો છે આ યુવાન પ્રોફેસર અને કેવી છે ગજબની તેની ભાવના! મિત્રને ચૂપ જોઇને કિસલયે આગળ કહ્યું; 'મારી માતા મને હમેશાં કહેતી કે કિસલય! બેટા! તારી કમાણી કે તારી વસ્તુ કેવળ તારી એકલાની નથી, તેના પર તેમનો પણ અર્વિકાર છે કે જેમને તેની જરૂર છે. બીજાના સુખદુ:ખમાં ભાગીદાર બનીને જ તું પૂર્ણ માનવ બની શકશે, અન્યથા તું અધૂરો રહેશે...!'

બેટા! અપર્ણા કેટલી સાચી વાત છે કિસલયની? પરમાત્મા



પ્રદત્ત શક્તિ, સામર્થ્ય, સંપત્તિ, બુદ્ધિનો ઉપયોગ જરૂરિયાતમંદોના હિતમાં કરીને પરોક્ષ રીતે તો...પરમાત્માના વિવિધ અંગોની સેવા માટે કરવી એ જ તો મનુષ્યત્વની પૂર્ણતા છે! બેટા! આપણી કમાણી કેવળ આપણી નથી. આપણી સાથે જોડાયેલા અન્યોના પ્રારબ્ધને કારણે પણ આપણી આવક વધુ સારી હોઇ શકે. દીકરી! ડૉ.દિનેશ ઉપાધ્યાય, તારી મમ્માના બી.એડ.કોલેજ (બિલીમોરા)ના પ્રોફેસર! સ્વભાવે અત્યંત વિનમ્ર, પ્રેમાળ અને પરોપકારી! પોતાને ત્યાં વર્ષોથી કામ કરવા આવતી કામવાળી જ્યારે વૃદ્ધાવસ્થાને કારણે કામ કરવાને શક્તિમાન ન રહી, ત્યારે તેમણે તેને સાદર નિવૃત્ત કરી અને તેને માસિક પેન્શન બાંધી આપ્યું! બેટા! આપણને આશ્ચર્ય થાય! નિયમિત રીતે દિનેશભાઇ તરફથી તેને દર મહિને પેન્શન પહોંચતું રહ્યું! બેટા! દિનેશભાઇનો ભાવ એવો હતો કે જેણે પોતાની યુવાનીના શ્રેષ્ઠ દિવસો અમારી સેવામાં ખર્ચ્યા તેની સેવા કરવાનો જ્યારે સમય આવ્યો ત્યારે જો હું પાછો પડું તો મારી માનવતા લાજે! બેટા! ભગવાનને શોધવા માટે દિનેશભાઇ જેવી ભાવના કેળવીએ તો ભગવાન ઢૂકડો જ છે!

**પ્રા. બિપિન પટેલ**

★ જરૂરીયાત થોડું માગે છે, શોખ ઘણું માગે છે,
પરંતુ લોભ બધું જ માગે છે. **—દાદા**

# પૂ.માની નાયગ્રા યાત્રા(૨)

મા શ્રી સર્વેશ્વરી

**તા.૧૭/૦૭/૧૧ (ચાલુ)**

મા હસતાં હસતાં હાથથી ઈશારો કરી રહ્યાં છે. શાંતિ, શાંતિ, આપણે ક્યાં ઉતાવળ છે? આપણી ક્યાં કોઇ રાહ જૂએ છે?

ઉમેશ તથા ભાઇ દેવાંગના ૯૧૧ ના ફોનથી પાંચ જ મિનિટમાં પોલીસની ગાડી આવી ગઇ.

અરે, તેણે જાણ્યું કે આ તો ટાયર ફ્લેટ થયું છે, એટલે તરત જ બીજી બે ગાડી પણ પોલીસની મંગાવીને આપણી ગાડી પાછળ દૂર–દૂર ઊભી રાખી, જેથી હાઈવે ઉપર આપણી ગાડીની રક્ષા ને બીજી ગાડીની અકસ્માતથી પણ રક્ષા થાય.

દૂરથી જ પોલીસની ઝળહળતી લાઇટ જોતાં હાઇવેનો ટ્રાફિક ધીમો પડે, માર્ગની લાઇન બદલે ને રક્ષા થાય.

પાંચ જ મિનિટમાં પોલીસની મદદ.

હા, એ સહાયક પોલીસે કહ્યું ૧૦ જ મિનિટમાં રીપેર કરનાર કે ગાડીને ઉંચકી લઇ જવાનું સાધન આવી જશે.

અને સાચે જ ૧૦ જ મિનિટ નહીં આઠ કે નવ મિનિટમાં જ ગાડીનો રીપેર કરનાર, ગાડીને ઉંચકીને લઇ જાય તેવી ટ્રક લઈને હાજર થયો છે.

સંકટ આવ્યું ને ક્ષણમાં તો તેણે કેટકેટલાંને કાર્યરત કરી દીધા?

માત્ર ૫, ૭, ૮ મિનિટમાં તો મંગલમાર્ગ.



છોકરું પડ્યું, ઠોકર ખાધી ના ખાધી ત્યાં તો માતાએ ઉંચકી લીધું.

અમેરીકાની સરકારની આ સુવિધા, અમેરીકાના હાઈવેના પોલીસ વિભાગની આ સેવા, કેટલી ઝડપી અને કોઇપણ જાતના તે સ્થળેથી, તે વ્યક્તિ કે પાર્ટી પાસેથી પુરસ્કારની અપેક્ષા વિનાની.

પોતાની ફરજ બજાવવામાં સતત જાગ્રત.

આ બધી જ વાતો ભારત દેશના સૂત્રધારોએ જાણવા જેવી, અનુકરણ કરવા જેવી છે.

બાળકોને તો પોલીસની ગાડી જોતાં ને ટો ટ્રક જોતાં જ મજા પડી ગઈ. એમની નાની નાની આંખને કાલી કાલી વાતોનો વિષય આ ગાડી બની ગઇ.

આપણી યુવા મંડળીને પણ હાશ થઇ ગઇ.

આપણી ગાડીનું આ ઝડપે જાતાં જો આગળના વીલનું ટાયર ફાટી જાત તો આખી ગાડી ગુંલાટ ખાઇને સૌને સ્વર્ગલોકનાં દર્શન કરાવત.

પણ, પ્રભુએ હાજર રહીને રક્ષા કરી. ટાયર ફ્લેટ થયું ત્યારે બીજી ગાડી સાથે તે ના અથડાઇ. અને માર્ગની નીચે ઉતરીને ગબડી ના પડી. પાછળની ગાડી જોડે પણ તે ગાડી ના ભટકાઇ.

વરદ હસ્તની પ્રાર્થનાનું આ પરિણામ, પ્રભુ ઉઘાડી આંખે ધરી રહ્યા છે.

આપણી ગાડી પાછળ આપણા જ સત્સંગની ભાઇ ઉમેશની કેનેડાની ગાડી હતી.

તે તો ગુરુપૂર્ણિમાના સત્સંગ માટે બીજા રૂટથી જ અહીં આવેલા, ને આજે પાછા બીજા રૂટથી જ શાંતિથી જવાના હતા.

પણ માએ સવારે યાત્રા પ્રારંભ કરતાં પહેલાં કહ્યું કે અમે નાયગ્રા જઇએ છીએ તમારે એ રૂટ પર સાથે આવવું છે?

હા, ઉમેશ–રંજન બંન્ને બોલી ઉઠ્યાં.

ને ગાડી બંન્ને આગળ–પાછળ સાથે ચાલવા માંડી.

જેટલી ઝડપે આપણી ગાડી દોડે તેટલી જ ઝડપે ઉમેશ પણ સાથે રહેવા પોતાની ગાડી દોડાવી રહ્યો હતો.

કારણ એને આ રૂટની ડીરેકશન આપી ન હતી. એવું જ જણાવેલું કે આ ગાડી જ્યાં જાય ત્યાં તારે એનું અનુસરણ જ કરવું.

એટલે ઝડપથી આવતી ગાડી સંભવ છે કે આ ગાડી સાથે ભટકાઈ જાત.

તરત જ બ્રેક બંન્ને ગાડીને તે–તે ચાલક મારી શક્યા. કોણે આ બ્રેક મારવાની સમય સૂચકતા ધરી? કોણે એ બંન્ને ચાલકોને સ્વસ્થ રાખ્યા? બંન્ને ગભરાઇને કદાચ ગાડી ઉપરનો કાબુ ગુમાવત તો?

પણ એમાંનું કશું ના થયું. પ્રાર્થના–વરદ હસ્તનો અહીં આ આખી ઘટનામાં હેતભર્યો હસ્તક્ષેપ હતો. આશીર્વાદથી ભર્યા રક્ષા કવચ બનીને ફરી રહેલા એ તો શ્રી હરિના શ્રી અંકની આ દર્શનીય ક્ષણો હતી.

પૂરા ૧૨ સ્વજનોની સર્વરીતે રક્ષા કરવાનો કોલ આજે શ્રી હરિએ પાળી બતાવ્યો.

યાત્રાના આરંભે સૌએ પ્રણામ કરી માંગણી કરી હતી.



વરદ હસ્ત પ્રભુ તમારો,
સદાયે રહેજો જીવન સહારો.

તો સાચે જ એ માગણી સામે શ્રી હરિએ સૌની સર્વ પ્રકારે રક્ષા કરી. જાણે પુષ્પના પારણીએ ક્ષણિક હીંચકા ખવડાવ્યા. સૌને હસતાં, રમતાં, જીવતાં રાખ્યાં.

આ યાત્રામાં શ્રી હરિ ક્યાં ને કેવી રીતે સહાયક થયા તે ધ્યાનથી સાંભળો, વાંચો.

આ ઘટના જે સ્થળે બની ત્યાં તરત જ સહાય મળી. અરે! પ્રાર્થના પણ ના કરવી પડી. પ્રાર્થના કરો તે પહેલાં જ પહેલો ફોન ૯૧૧ નો થયો ને તે ફોન મૂકે તે પહેલાં તો સહાય હાજર થઇ ગઇ.

આ તૂટેલા ટાયરવાળી આખી ગાડી ટો ટ્રકમાં ચઢાવી અને માત્ર પાંચ જ મિનિટમાં તો હાઈવેની EXIT લે છે, નાનકડા એ શહેરમાં તરત જ પ્રવેશી જે શહેર છેક પાસે જ છે.

આજે રવિવાર. લાગતું હતું કે બધું જ બંધ છે, પણ એક ગરાજ ખુલ્લું હતું. ‘સન્ડે ઓપન’ એવું બોર્ડ હતું ને બે ગાડી ત્યાં રીપેર થઇ રહી હતી. ગરાજ ખુલ્લું જ હતું. બે ભાઈઓ ત્યાં કામ કરી રહ્યા હતા.

હાશ. સન્ડે ઓપન વાંચતાં જ હાશ થઇ ગઇ.

શ્રી હરિની કૃપા પણ સન્ડે જ નહીં એવરી ડે એન્ડ નાઇટ ઓપન. હા, અનરાધાર વરસતી એ કૃપાનો આ બોર્ડ પણ એક ભાગ હતો.

**સન્ડે ઓપન**

અમેરીકન ભાઇનું એ ગરાજ હતું. ભાઇ દેવાંગ જઇને પૂછે

છે, આ સાઈઝનું ટાયર છે? રીપેરીંગમાં કેટલો સમય લાગશે?

તે માલિક જવાબ આપે છે. ૧ ગાડી રીપેર થઈ રહી છે. ૧ ગાડી હજુ બાકી છે. તમારી ગાડીનો કદાચ નંબર ના પણ લાગે, અને લાગે તો બે કલાક થશે. કારણ મારી પાસે આજે માણસો નથી.

આ જવાબ સાંભળી ભાઈ દેવાંગ વિચારમાં પડી જાય છે, કે આપણે તો દૂર નાયગ્રા જવાનું છે. ને પાછા રાતે તો ઘરે આવી જવાનું છે. શું થશે?

અને ૫ મિનિટ પછી ભાઈ દેવાંગ પાછો પૂછે છે, અમારે તો નાયગ્રા જવાનું છે. અરે, અમારી સાથે અમારા ગુરુ પણ ગાડીમાં છે. અમારે તો નાયગ્રા સમયસર પહોંચવાનું છે.

આ વાત સાંભળી પેલા અમેરીકન ભાઈ એક જ સેકન્ડમાં જવાબ આપે છે. સારું, તો તમારા ગુરુ પણ સાથે છે, તો ચાલો, તમારી ગાડી હમણાં જ લઈ લઉં છું. ૨૦ મિનિટમાં રીપેર થઈ જશે.

(ક્રમશઃ)

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# પૂ.રણછોડદાસજીની બાલગોષ્ટિ

–દમયંતીબહેન સેજપાલ

બાલગોષ્ટિમાં શ્રીગુરુદેવનો અક્ષરદેહ દ્રષ્ટિગોચર થાય છે. જામનગર કાષ્ઠમૌન દરમિયાન તેમણે આ રચના પ્રશ્નોત્તરી રૂપે કરી છે. પ્રથમ અર્ધી પંક્તિમાં એક પ્રશ્ન છે, પછીની અર્ધી લીટીમાં તેનો ઉત્તર છે. ફક્ત ત્રણથી પાંચ શબ્દમાં પ્રશ્ન અને એટલાં જ ઓછાં શબ્દોમાં જવાબ એ 'બાલગોષ્ટિ'ની વિશિષ્ટતા છે. બાળકને આપણે હસતાં–રમતાં, વાર્તા કે દ્રષ્ટાંત દ્વારા જ્ઞાન આપીએ એટલી જ સરળતાથી, સહજતાથી માનવ જિંદગીને સ્પર્શતા અનેક પ્રશ્નોની તેમાં ચર્ચા છે...

**કહુ દોષ તનકે હેય? વ્યભિચાર હિંસા સ્તેય.**

**પ્રશ્નઃ–શરીરના ક્યા દોષો તિરસ્કાર યોગ્ય છે?**

**ઉત્તરઃ–**વ્યભિચાર, હિંસા અને સ્તેયનો શરીર જોડે સંબંધ હોવાથી આ દુર્ગુણો જેનામાં હોય એ વ્યક્તિ પણ સામાજિક અવહેલના પામે છે.

**વિસ્તારઃ–**ધનસુખ અને દેહસુખ ભલભલાને લપેટમાં લઈ લે છે. આની મોહજાળમાં આસક્ત થઈ જાય તો મોટાં મોટાં નામાંકિતને પણ કલંકિત થતાં વાર નથી લાગતી. જે વ્યક્તિ શારીરિક પવિત્રતા અને આંતરિક શુદ્ધિ ખોઈ બેસે છે એને સિદ્ધિ અને પ્રસિદ્ધિ બંને છોડી જાય છે. ભરયૌવન, મધરાત અને મઝધારમાં ઘણીવાર ઋષિમુનિઓ પણ ગોથું ખાઈ જાય છે. દિશા ચૂકી જનારની દશા બેસી જાય છે.

વ્યભિચારીના જીવનમાં વાસના આંખ ને કાન દ્વારા પ્રવેશે છે. નીતિ ના પાડે, ધર્મશાસ્ત્રો જેને વર્જ્ય કહે તેવું કંઇ પણ જોવાની કે સાંભળવાથી વાસના પ્રબળ બને છે.

'હથિયાર વડે હિંસા થાય' આટલો જ હિંસાનો અર્થ નથી થતો. હથિયાર અને જીભ બંને કાપવાનું કામ કરે છે. હથિયાર વડે જેની હિંસા કરવામાં આવે એ તો થોડીવાર સુધી તરફડીને શ્વાસ છોડી દે છે. પરંતુ જીભ દ્વારા કટુ અને કર્કશ વાક્યોનો માર જે વ્યક્તિના મન ઉપર કરવામાં આવે છે એ વ્યક્તિ વર્ષો સુધી, અપમાનની વ્યથામાં તરફડે છે. કોઇવાર તો એ ઘાવ જીંદગીભર નથી રૂઝાતો.

કોઇ બીજાને મારે કે ગાળ આપે ત્યારે એ જોઇને કે સાંભળીને આપણે રાજી થઇએ ને મનમાં બોલીએ કે એ તો એ જ લાગનો છે. તો એ વખતે વ્યવહારમાં ભલે આપણે અહિંસક લાગીએ, પરંતુ આપણી મનોવૃત્તિમાં હિંસા જ કામ કરતી હોય છે.

પાતંજલ યોગ સૂત્ર કહે છે :

**અહિંસા પ્રતિષ્ઠાયાં તત્સન્નિધૌ વૈરત્યાગઃ.**

જીવનમાં અહિંસાની પ્રતિષ્ઠા ત્યારે થઇ કહેવાય જ્યારે આપણા સંપર્કમાં આવનાર હિંસક વૃત્તિવાળા જીવો પણ અહિંસક બની જાય. ક્રૂર પ્રાણીઓ પણ નિર્વૈર બની જાય.

વર્ષો પહેલો શ્રી ગુરુદેવ ચિત્રકૂટમાં આવેલા અનસૂયાજી નામક સ્થાનમાં રહીને સાધના કરતા હતા. રોજ સાંજે ફરવાનો એમનો નિયમ. એક સાંજે એ રીતે ફરતાં ફરતાં બહુ દૂર નીકળી



ગયા. સાંજ ઢળી ગઇ હતી. પાછા ફરવાની કોઇ ઉતાવળ કે ચિંતા નહોતી. એટલે ઝૂરી નદી નજીક એક નાળું વહેતું હતું એ જગ્યાએ બેસી ગયા.

થોડીવાર પછી નાળામાંથી કોઇ પાણી પી રહ્યું હોય તેવો અવાજ આવ્યો. એમણે આસાપાસ નજર નાંખી. નજીકમાં જ એક વાઘ પાણી પીતો દેખાયો. તેઓ ચૂપચાપ બેસી રહ્યા. વાતાવરણ ગુરુદેવની કરુણા, અહિંસા, પ્રેમ જેવા ઉદત્ત ગુણોથી ભર્યું ભર્યું હતું. પાણી પીને વાઘ નજીક આવ્યો. પછી ધીરે રહીને પોતાના દેહને લંબાવ્યો. એનું માથું શ્રીચરણોને લાગતું હતું. ગુરુદેવે કહ્યું : 'આ જાઓ, તુમ ભી ચૂપચાપ પડે રહો.'

સવાર પડતાં બંને પોતપોતાને રસ્તે ચાલતા થયા.

જેનો પરિચય વ્યભિચારીને ચારિત્ર્યવાન બનાવે, હિંસકની હિંસાવૃત્તિ છોડાવી દે અને વ્યક્તિના તન—મન બંનેને શુદ્ધ અને પવિત્ર રાખવાની ભાવનાને સતેજ કરે એવા શ્રી ગુરુદેવે કહ્યું છેઃ

'યદિ તુમ્હારે રહનસહનમેં દંભ હૈ તો સમજ લેના કિ તુમ ભગવાન સે બહુત દૂર હો. આચાર શુદ્ધિ હોગી તો હી વિચાર ભી શુદ્ધ હોગા. જીવનવિકાસ મેં આચાર શુદ્ધિ પ્રથમ સ્થાન હૈ.'

સાધનામાર્ગમાં પોતાના દોષોને ગણી ગણીને કાઢે એ સાચો સાધક. સ્તેય એટલે ચોરી કરવી. છળ, કપટ, વિશ્વાસઘાત જેવા કામો મનને પણ બગાડે છે. વૃત્તિઓની પવિત્રતા ને દેહની શુદ્ધતા એટલે અસ્તેય.

શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન અસ્તેયની વૃદ્ધિ કરવામાં સહાયક બને છે. વ્યભિચાર આચરવામાં, કોઇને મારવામાં ને ચોરી કરવામાં શરીર સક્રિય હિસ્સો લે છે. એટલે આ ત્રણેય દોષોને શરીરના દોષો કહીને

એને તિરસ્કારવા લાયક કહ્યા છે.

**પરદ્રોહી કિ હોહિં નિસંકા કામી પુનિ કિ રહહિં અકલંકા.**
**કહુ દોષ બાની બખાન? કટુ જૂઠ જિન્દા જાન.**

**પ્રશ્નઃ—વાણીના દોષ ક્યા ક્યા છે? તે કહો.**

**ઉત્તરઃ—**કડવાશ, અસત્ય ભાષણ અને નિંદા—આ ત્રણ વાણીના મુખ્ય દોષ છે. વાણી દ્વારા આ પાપ થાય છે.

**વિસ્તારઃ—**શ્રી ગુરુદેવે કહ્યું છેઃ

**શબદ વિવેકી બોલિયે શબ્દ કે હાથ ન પાઁવ,**
**એક શબ્દ હૈ ઔષધિ એક શબ્દ હૈ ઘાવ.**

વાણી અને પાણીનો સદુપયોગ કરનારા ઈશ્વરની સાચી સેવા કરે છે. વિવેકયુક્ત શબ્દો અમૃતનું, જ્યારે વાણીની કટુતા ઝેરનું કામ કરે છે. કટુવાણી શત્રુતાને જન્માવે છે. વાણી પર સંયમ હોવો જરૂરી છે.

કટુવાણી, વ્યંગવાણી યા ખોટું બોલનાર વ્યક્તિ જો આત્મ નિરીક્ષણ કરે તો એને જરૂર સમજાય કે મારા કરતાં તો મૂંગાઓ સારા. ઉતમ વિચારોના જમા પાસાં કરતાં કડવી જબાનનું ઉધાર પાસું જેનું બહુ મોટું હોય એ માનવી જગતનો સૌથી મોટો દેવાળિયો કહેવાય. જેની પાસે આચાર વિચારનું સૌંદર્ય છે, મીઠી વાણી છે એ વ્યક્તિની આપણા મન પર, આકર્ષક વ્યક્તિ કરતાં, વધુ સારી ને ઘેરી અસર પડે છે. જેની ભાષામાં અવિનય, અશિસ્ત કે ધૃષ્ટતા નથી એ વ્યક્તિને સહુની પ્રિય બનાવામાં વાર નથી લાગતી. લોકો પોપટને પાળે છે ને મેવો ખવડાવે છે. જ્યારે કાગડાને કોઇ બાર ઉપર પણ નથી બેસવા દેતા!



શ્રીગુરુદેવે કહ્યું છેઃ

**કોયલ કાકો દેત હૈ, કૌઆ કાકો લેત,**
**મધુરી બાની બોલકર જગ અપનો કરિ લેત.**

જૂઠ દો જને બોલતે હૈં. ભીરુ ઔર સ્વાર્થી યા મતલબી. માનવ પહલે ખુદ કા અપરાધ કરતા હૈ, અપને મનકો ઠગતા હૈ. પીછે દૂસરોં કા અપરાધ કરને કા સાહસ કરતા હૈ. હમ જબ જૂઠ બોલતે હૈં તબ પહલે ચેતના હમેં સાવધાન કરતી હૈ કિ તુમ જૂઠ બોલને જા રહે હો. વ્યવહાર મેં સત્ય કો આપ આચ્છાદિત કર સકતે હૈં. લેકિન જૂઠ કભી ન કભી ખુલ હી જાયેગા.

કટુ સત્ય મુંહ પર કહાં જાતા હૈ. પીછે સે કહને પર વહ નિંદા કહલાતી હૈ. ગુરુ કી અવજ્ઞા ઔર સજ્જન પુરુષ કી નિંદા કરનેવાલે કા પુણ્ય નષ્ટ હો જાતા હૈ.

**સાઁચ બરાબર તપ નહીં જૂઠ બરાબર પાપ,**
**જિસ કે હૃદય સાઁચ હૈ ઉસ કે હૃદય આપ.**

આલોચના અને નિંદામાં એક ફરક છે. વિવેચનાથી વ્યક્તિને પોતાની ભૂલ સુધારવાનો મોકો મળે છે. આલોચનાથી સાધક આગળ વધી શકે છે. વ્યંગ કોઇનું દિલ દુભાવવા નહીં પરંતુ કોઇને સાચા રસ્તે વાળવો હોય ત્યારે સમજપૂર્વક કરનાર મિત્રનું કામ કરી શકે છે.

નિંદા પોતાના પ્રતિસ્પર્ધીને યા સામાને નીચો પાડવાનો હેતુસર જ થતી હોય છે. માનવીને બીજાના દોષ જોવામાં, અવગુણ કહેવામાં એટલી ખુશી મળતી હોય છે કે, એ પોતા માટે મહત્વના કામ કરવાનો જે સમય એને મળ્યો હોય છે તે નિંદામાં વેડફી નાંખતો હોય છે.

**કાળા વાદળના જિગરમાં યે સુજનતા આપી**
**પત્થર જેવા પત્થરમા યે ગંગા આપી,**
**આવા દિલવાળા બધા દશ્યોને તેં મૂંગા રાખ્યા**
**(ને) હાય! પ્રભુ, માનવને તેં વાચા આપી.**

ઈરાની ભાષાના મહા કવિ શેખ સા'દી યુવાનીમાં પોતાના પિતા સાથે હજની યાત્રાએ ગયેલા. એમના પિતા ચુસ્ત ધર્મનિષ્ઠ અને ઈસ્લામ ધર્મની નિયમાવલીનું પૂરેપૂરું પાલન કરવા–કરાવવાના આગ્રહી હતા.

હજ દરમ્યાન દરરોજ પાંચને બદલે સાત વાર નમાજ પઢવાનો એમણે નિયમ રાખેલો. પહેલી નમાજ સવારે ચાર વાગે પઢતા. દીકરાને પણ સાથે ઊઠાડતા. આજુબાજુમાં હજયાત્રીઓ ઊંઘતા હોય ત્યારે બાપ દીકરો અલ્લાહની ઈબાદતમાં ખોવાઇ જતા.

એક સવારે નમાજ પૂરી થયાં બાદ શેખ સા'દીએ કહ્યું : 'બાબા, આપણે કેવા વહેલા ઊઠીને અલ્લાતાલાની બંદગી કરીએ છીએ! બીજા બધા તો ઊંઘતા પડી રહે છે.'

એમના પિતાએ ખિન્ન મનથી કહ્યું : 'બેટા, તું પણ એ લોકોની જેમ સૂઇ રહ્યો હોત તો વધું સારું થાત. મેં નાહક જગાડીને તેને સાથે લીધો.'

શેખ સા'દી નવાઇ પામ્યા. પિતાએ ખુલાસો કર્યો : 'વહેલી સવારે ઊઠીને ખુદામાં મન પરોવવાને બદલે બીજા લોકોની નિંદા–કુથલી કરવામાં તારું મન ગયું તેના કરતાં તો તું સૂઇ રહ્યો હોત તો પર નિંદાના પાપમાંથી તું બચી શક્યો હોત.'



# સત્સંગ

**જ્યોતિબહેન થાનકી**

મનના જમણવારમાં બીજી વાનગી છે, સત્સંગ.

સંગનો પ્રભાવ મન ઉપર ખૂબ પડે છે. એટલે જ કહેવાયું છે કે, 'જેવો સંગ તેવો રંગ'. સાધુજનોનાં સંગથી મનુષ્ય સજ્જન બને છે, દુર્જનોના સંગથી મનુષ્ય દુષ્ટ બને છે. મનોવૈજ્ઞાનિકોએ પણ હવે પ્રયોગો દ્વારા એ સાબિત કરી આપ્યું છે કે મનુષ્ય જે વાતાવરણમાં રહે છે તેની અસર પડ્યા વગર રહેતી નથી. એવો એક કિસ્સો થોડા વરસો પહેલાં બન્યો હતો કે એક માનવબાળ વરુના બચ્ચાંઓ સાથે મોટું થયેલું હતું, તો તે મોટું થતાં વરુની જેમ જ વર્તન કરતું હતું! તેનામાં મનુષ્યોનાં લક્ષણો જોવા મળતાં ન હતાં.એવાં ઘણાં ઘણાં દષ્ટાંતોથી હવે એ સાબિત થઇ ચૂક્યું છે કે સંગતનો પ્રભાવ ખૂબ વધારે હોય છે. આથી જ નાનાં બાળકોના મિત્રો કેવાં છે એનું ખાસ ધ્યાન રાખવું જોઇએ. અમારાં સંબંધીનો પુત્ર રવિ છટ્ઠા ધોરણ સુધી વર્ગમાં પ્રથમ આવતો હતો. સાતમામાં પ્રથમ દશમાં પણ જ્યારે ન આવ્યો ત્યારે તેના પપ્પાએ તપાસ કરી. જાણવા મળ્યું કે રવિ તોફાની અને રખડું છોકરાઓની સાથે ફરતો થયો છે, એનું આ પરિણામ છે. સમજદાર પિતાએ રવિની શાળા જ બદલી નાંખી અને તેને હોંશિયાર વિદ્યાર્થીઓના સંપર્કમાં મૂકી દીધો તો એ રવિ આજે આઇ.આઇ.ટી.નો હોંશિયાર વિદ્યાર્થી છે!

બાળ માનસ ઉપર સંગનો પ્રભાવ જેવો પડે છે, એવો જ પુખ્ત માનસ ઉપર પણ પડે છે. બેંક ઑફિસર જયંતિભાઇની

બદલી કલકત્તા થઈ. બાળકો અને પત્નીને વતનનાં ઘરે મૂકીને એકલા જ કલકત્તા ગયા. ત્યાં ઑફિસર્સ કલબમાં એવાં સાથે મૈત્રી થઈ કે જે દારૂ પીતા હતા. ધીમે ધીમે જયંતિભાઈને પણ સંગનો રંગ લાગ્યો અને દારૂ પીતા થઈ ગયા. એક વરસે જ્યારે પાછા વતનમાં આવ્યાં ત્યારે પૂરાં દારૂડિયા થઈ ચૂક્યા હતા. પછી તો ઘરમાં ઝઘડા, પત્ની સાથે રોજ બોલાચાલી, મારઝૂડ, બાળકોના અભ્યાસ પર અસર થવા લાગી અને બીજા વરસે ભારે ડીપ્રેશનમાં આવી ગયા. એક સુખી સંપન્ન પરિવાર આખો છિન્નભિન્ન થઈ ગયો. તેજસ્વી બાળકોનું ભવિષ્ય રોળાઈ ગયું! માત્ર સંગના કરણે જ. આથી જ શાણા માણસોએ કહ્યું કે, ‘‘દુર્જનોના પડછાયામાં પણ ન આવવું’’ એ સાથે જ સાધુજનો, મહાત્માઓ સાથે એક ક્ષણ પણ ગાળવા મળે તો તેને ગુમાવવી નહીં. કેમ કે એ ક્ષણ પણ જીવનપરિવર્તન કરી દેનારી બની રહે છે. આવાં પરિવર્તનના અનેક દૃષ્ટાંતો આપણને પ્રમાણભૂત રીતે મળે છે. નારદમુનિના થોડી ક્ષણોના સંગે વાલિયા લૂંટારાને ઋષિ વાલ્મિકી બનાવી દીધો એ કથા તો સહુ કોઈ જાણે છે. એવી જ વાત ક્રૂર લૂંટારા અંગુલિમાલના જીવનમાં પણ બની

ભગવાન બુદ્ધ વિહાર કરી રહ્યા હતા ત્યારે એક જંગલમાંથી પસાર થવાનું હતું. ત્યાંના લોકોએ ના પાડી કે, ‘‘આ જંગલમાંથી ન જશો. અહીં એવો ભયાનક લૂંટારો રહે છે કે અહીંથી પસાર થતાં માણસોને લૂંટીને મારી નાંખે છે અને પછી એની આંગળીઓ કાપીને તેની માળા બનાવીને ગળામાં પહેરે છે, એટલે તેને લોકો અંગુલિમાલ કહે છે.’’ પરંતુ જેમના હૃદયમાં સમગ્ર વિશ્વ પ્રત્યે પ્રેમ અને કરૂણાં રહેલાં હતાં તેવા



બુદ્ધ, લોકોના કહેવાથી અટક્યા નહીં. એમણે એ જ જંગલમાંથી પસાર થવાનું નક્કી કર્યું. હવે એમની સાથે તો કોઈ આવ્યું જ નહીં. તેઓ એકલાં જ જઈ રહ્યાં હતાં. દૂરથી જ લૂંટારાએ નિર્ભયતાથી, સ્થિરપણે પગલાં પાડી રહેલાં સાધુને જોયાં અને નજીક આવતાં ત્રાડ નાંખી કહ્યું, ‘‘કોણ છે? ઊભો રહી જા.’’ લૂંટારાની ત્રાડથી ભલભલાં થથરીને ઊભાં રહી જતાં અને ધ્રૂજવા માંડતા, એને બદલે આ સાધુ તો જે રીતે ચાલતા હતા એ જ રીતે ચાલતા રહ્યા. જાણે લૂંટારાની ત્રાડ સાંભળી જ નથી! આથી તે વધારે ખીજાયો. પણ સાધુએ તો ચાલ્યાં જ કર્યું અને એની સમીપ આવી પહોંચ્યા અને કરૂણાભરી દૃષ્ટિથી એની સામે જોઈને પ્રેમપૂર્વક કહ્યું. ‘‘વત્સ, હું તો ઊભો જ છું પણ તું ઊભો નથી!’’ આ કરૂણામય દૃષ્ટિ અને પ્રેમભરી વાણી તો લૂંટારાને ક્યારેય જોવા—સાંભળવાં મળ્યાં ન હતાં. વળી સાધુની વાણી તો મધુર હતી જ, પણ અટપટી હતી તે સાધુની સામે જોઈ જ રહ્યો. શું બોલવું એ એને ખબર ન પડી અને બુદ્ધની કરૂણા ને પ્રેમ તેની આંખ દ્વારા તેના હૃદયના ઊંડાણ સુધી ઊતરી ગયાં અને તેણે પૂછ્યું : ‘‘સાધુ મહારાજ તમે ચાલતા હતા તો ય ઊભા છો અને હું ઊભો છું છતાં ઊભો નથી એમ કેમ કહો છો?’’ પછી બુદ્ધે તેને સમજ પાડી અને એના કાળમીંઢ જેવા હૃદયમાં ખળભળાટ મચી ગયો અને તે બુદ્ધનાં ચરણમાં નમી પડ્યો અને પછી તો બુદ્ધનો સાચો શિષ્ય બન્યો. માત્ર થોડી ક્ષણોમાં ભગવાન બુદ્ધના સાંનિધ્યે ક્રૂર લૂંટારો સાધુ બની ગયો.

ચૈતન્ય મહાપ્રભુને મારવા આવેલા બે ડાકુઓ જગાઈ અને મધાઈ. ચૈતન્યના સંસર્ગથી બદલાઈ ગયા તેમને મારવાને બદલે

તેમના શિષ્ય જેવા બની ગયા. સાધુ–મહાત્માઓના સંપર્કનો આ પ્રભાવ છે કે તેમના સંપર્કથી મનુષ્યની ક્રૂરતા અને ભયાનકતા પ્રેમ અને કરૂણામાં પલ્ટાઇ જાય છે. સાચા સાધુજનો તો પરમાત્માની ચેતના સાથે એકરૂપ હોવાથી–તેમનામાંથી હમેશાં પરમાત્માનાં પ્રેમ, કૃપા, કરુણા, આનંદ જ વહેતાં હોય છે. એથી તેઓ પોતાની પાસે આવેલી વ્યકિતઓ ભલે તે ગમે તેવી નિમ્ન ચેતનામાં રહેતી હોય તો પણ તેમની ચેતનાનો સ્તર બદલીને ભગવાનના પ્રેમ, કરુણા અને આનંદનો અનુભવ કરાવી શકે છે. સૌરાષ્ટ્રમાં સતી તોરલે જેસલ જેવા બહારવટિયાને સંતમાં પલટાવી દીધો હતો. તેના ઉપર તો પેલું પ્રસિદ્ધ ગીત રચાયું છે કે **''પાપ તારું રે પ્રકાશ, જાડેજા ધરમ તારો સંભાળ રે, તારી બેડલીને બૂડવા નહીં દઉં, એમ તોરલ કહે છે.''** અને પછી જેસલ બહારવટિયો તોરલની આગળ બધાં પાપ કબૂલે છે, ત્યારે તોરલ એની તોફાને ચઢેલી હોડીને તો બચાવી લે છે, પણ એની જીવનનૌકાને પણ ભગવદ્ દિશામાં વાળીને તેને સંત બનાવી દે છે કે જે આજે પણ અંજારમાં પીર તરીકે પૂજાય છે. એક સંતનારીનો સત્સંગ, બહારવટિયાને પણ સંત બનાવવાનું સામર્થ્ય ધરાવે છે એ હકીકતનું આ જીવંત ઉદાહરણ છે.

જીવનથી થાકી ગયેલાં, હારી ગયેલાં, ત્રસ્ત મનુષ્યોને સંતો નવું જીવન આપી શકે છે. શ્રીરામકૃષ્ણ કથામૃતના લેખક માસ્ટર મહાશય કુટુંબીજનોના ત્રાસથી થાકી ગયા હતા અને તેઓ આત્મહત્યા કરી જીવનનો અંત આણવાનું વિચારી રહ્યા હતા. પોતાના આ વિચારનો અમલ કરવા માટે એક રાત્રે તેમણે ઘર



છોડ્યું અને અહીં–તહીં ભટકતા રહ્યા. પછી થયું કે તેમની બહેન વરાહનગરમાં રહે છે, તેમને મળીને પછી મરવું. આથી વહેલી સવારે બહેનના ઘરે ગયાં ત્યાં આરામ કર્યો પછી પોતાના ભાણેજની સાથે કાલીવાડીના બગીચામાં થોડી લટાર મારવા નીકળ્યાં. ફરતા ફરતા દક્ષિણેશ્વરના કાલી મંદિરમાં આવી પહોંચ્યા. ત્યાં કુતૂહલવશ, એક ઓરડામાં ઘણા માણસો બેઠાં હતાં, એટલે ડોકિયું કર્યું તો તેમને એવું લાગ્યું કે જાણે સાક્ષાત શુકદેવજી કથા કરી રહ્યા છે. ભક્તો આ ઉપદેશને એકાગ્ર મનથી ગ્રહણ કરી રહ્યાં છે. આથી તેઓ પોતે પણ બેસી પડ્યા. શ્રી રામકૃષ્ણના ઉપદેશની એમના ચિત્ત ઉપર ભારે અસર થઇ. એટલે પછી બીજે દિવસે પણ એ જ સમયે ત્યાં પહોંચી ગયા. ત્રીજે દિવસે પણ એમ જ થયું. આ ઉપદેશે તેમના જીવનની દિશા બદલી નાંખી. તેમની મૃત્યુ તરફની ગતિ હતી. તેને જીવન તરફ ફેરવી દીધી. એમને થયું કે જીવનનો ઉદ્દેશ તો મહાન છે. પરમાત્માએ આપેલા જીવનને આમ ટૂંકાવી દેવું એ તો ઘોર પાપ કહેવાય. આમ પોતાના આપઘાતના વિચારો હંમેશ માટે અદશ્ય થઇ ગયા પછી તો તેમણે શ્રી રામકૃષ્ણને પોતાના ગુરુપદે સ્વીકાર્યા. એમની પાસે રોજેરોજ જવા લાગ્યા. શ્રી રામકૃષ્ણનો ઉપદેશ દરરોજ સાંજે ઘેર જઇને પોતાની ડાયરીમાં નોંધી લેતા જે ડાયરી પાછળથી શ્રી રામકૃષ્ણ કથામૃતરૂપે દળદાર ત્રણ ગ્રંથોમાં પ્રકાશિત થઇ અને જેના દ્વારા શ્રી રામકૃષ્ણનો અક્ષરદેહ સર્વ માટે સુલભ બન્યો. આ કથામૃતના વાંચને પણ અનેક લોકોને આત્મહત્યાના માર્ગેથી પાછાં વાળીને નવું જીવન બક્ષ્યું છે.

# સોક્રેટિસને ઝેર શા માટે?

**–ભદ્રાયુ વછરાજાની**

અભય બન્યા એટલે સહજ બન્યા. ડર ગયો એટલે નિખાલસ બન્યા. નિખાલસસ્પષ્ટ–સુવિચારી બનશો તો સૌને ગમશો. આપણે સૌન ગમીએ તો આપણે આપણને ચાહીએ કે નહીં? તેમાંથી જ તો આપણને શ્રદ્ધામાં શ્રદ્ધા રહેશે... પછી પ્રકટે તે આત્મબળ અને આત્મબળ પાસે વિશ્વમાં ભયાનક શસ્ત્રો પણ હેઠાં.

સોક્રેટિસને સમાજે સજા કરી. તેનો દોષ એટલો કે તેને પોતાનામાં અપાર શ્રદ્ધા હતી, તેથી તેનું આત્મબળ પ્રચંડ! કોઇ તેની પર આધિપત્ય ન જમાવી શકે. તેને ઝેર આપવામાં આવ્યું. ઝેર ઘૂંટનારો ધીમે ધીમે ખરલમાં વિષ વાટતો હતો. સોક્રેટિસ નિરાંતે પથારી પર સૂતો હતો. સૂર્યાસ્ત થવામાં હતો. કોર્ટે બરાબર આ સમય જ આપેલો.

સોક્રેટિસે પોતે કહ્યું : 'ભાઇ, સમય વીતી રહ્યો છે, સૂર્ય આથમી રહ્યો છે, ઢીલ શા માટે?..' પેલો માણસ આશ્ચર્યચકિત હતો કે જે વ્યક્તિ મરવા જઇ રહી છે તે મરવાનો સમય પણ જાણવી લેવા તત્પર છે! તેને મૃત્યુનો લેશમાત્ર ડર નથી. તેણે સોક્રેટિસને કોર્ટમાં સાંભળેલો. આખા એથેન્સમાં આ એક જ બુદ્ધિસમ્રાટ હતો, તેથી તે માણસ ઝેર આપવામાં ઢીલ કરી રહ્યો હતો, આ જિનિયસ થોડો સમય વધુ જીવે!...

ફરી પ્રશ્ન થયો : 'ભાઇ, ઝેર આપવામાં વાર કેમ લગાડે છે? મારી નાખવામાં તમે આળસુ કેમ છો?' વિષ ઘૂંટનારથી પૂછાઇ ગયું : 'તમે મરી જવા આટલા બધા ઉત્સુક કેમ છો? તમારા ચહેરા પર ભય નથી, તે જ છે. તમારી આંખમાં ડર નથી, વિસ્મય છે. તમને ખબર છે ને કે તમે મરવા જઇ રહ્યા છો?'



સોક્રેટિસ સરસ જવાબ આપ્યો : 'બસ, હું તે જ જાણવા ઇચ્છું છું. જીવનને મેં જાણી લીધું. જીવન સુંદર હતું, ભલે તેમાં ઉદ્વેગ છે, આક્રોશ છે, પણ તેમ છતાં તેમાં આનંદ છે. માત્ર શ્વાસ લેવો જ કેટલી પ્રસન્ન ઘટના છે. હું જીવ્યો. મેં જીવનને પ્રેમ કર્યો. મારે જે કરવું હતું તે મેં કર્યું. મારે જે કહેવું હતું તે મેં કહ્યું. હવે મારે મૃત્યુનો સ્વાદ ચાખવો છે, અને જેટલો જલદી ચાખી શકું તેટલું ઉત્તમ...'

I have lived, I have loved. તેને કોઇનો ડર નથી. તે પોતાનામાં પૂર્ણ શ્રદ્ધા ધરાવે છે. તેથી તેનું આત્મબળ મૃત્યુનો સ્વાદ ચાખવા તત્પર છે. તેનો કશો જ ગુનો ન હતો. તેની સામે આરોપો ન હતા, માત્ર આક્ષેપો હતા, ઠાલી દલીલો હતી. 'તે યુવાનોને ભડકાવીને વિદ્રોહી બનાવે છે. આપણા યુવાનોને એટલા સજાગ કરી દે છે કે તે આપણી વાતો માનવાની ના પાડી દે છે. તે યુવાનો આપણી સામે દલીલ કરતા થઇ ગયા છે... આવું કેમ ચાલે?' કોર્ટના ન્યાયાધીશો થોડાક કોમળ હતા. એમણે બે શરતો મૂકી : '(૧) એથેન્સ છોડી જાઓ અને કદી પાછા ન ફરશો (૨) બોલવાનું બંધ કરો. મૌનમાં ગરકાવ થઇ જાવ... આ બેમાંથી એક શરત સ્વીકારો અને જીવ–જીવન બચાવો! નહીં તો કાલે સૂર્યાસ્ત પહેલાં ઝેર ગટગટાવી જાવ...'

સોક્રેટિસ મક્કમ અવાજે કોર્ટને કહ્યું : 'કાલે નહીં આજે હમણાં ઝેર પીવા તૈયાર છું. હું સાચી વાત કહેતાં અટકી નહીં શકું. હું મોતના ડરથી એથેન્સ છોડીશ નહીં. હું મારા વિચારો, મારી લાગણી, મારા અસ્તિત્વથી જીવ્યો છું,...એ જ માર્ગે મોતનું સ્વાગત કરવું છે. હું મારી જવાબદારીથી જીવ્યો છું. હું મારી જવાબદારીથી મરવા ઉત્સુક છું. This is dignity. This is integrity. This is what a human being should be. સોક્રેટિસને સમાજ ઝેર સિવાય બીજું આપી પણ શું શકે?'

# સૂર્યની શીખ

—વિનોબા ભાવે

### વીજળીનો ઝબકારો નહીં, સતત ખીલતો જતો સૂર્યપ્રકાશ

સમાજ—સેવા કરવી હશે, સમાજમાં પાયાનું પરિવર્તન લાવવું હશે, તો એવા સેવકોની ને કાર્યકર્તાઓની જરૂર પડશે, કે જેઓ આ કામમાં જીવન સમર્પણ કરી દે. આવાં કામો ફુરસદે નથી થતાં, આના માટે તો સતત એકધારું મથતા રહેવું પડે છે. અમુક વખત ખૂબ ઉત્સાહ, જાણે વીજળીનો ચમકારો! અને પછી? પછી અંધારું ઘોર! ઘણી વાર તો અગાઉ હોય તેના કરતાંયે વધારે શિથિલતા આવી જાય છે. જેમ વીજળીના ચમકારાથી અંજાઇ ગયેલી આંખ ક્યારેક આંધળી પણ થઇ જાય છે તેમ. પરંતુ સમાજ—પરિવર્તન અને સમાજની સાચી સેવા કરવાનાં કામો માટે આપણને વીજળીનો ઝબકારો નથી જોઇતો, સૂર્યનો પ્રકાશ જોઇએ છે.

વીજળી હોય છે તે જરીક ચમકી જાય છે, અને તુરત પાછો અંધકાર ફેલાઇ જાય છે. આવું નહીં થવું જોઇએ. કામ સૂર્યોદય સમાન થવું જોઇએ. સૂર્યનારાયણનો ઉદય થઇ ગયો, તો કમળ ધીરે ધીરે ખીલતું જાય છે અને એમ કરતાં—કરતાં પૂરું ખીલી ઊઠશે. એવી રીતે માણસ એક વાર સત્કાર્યનો શુભારંભ કરી લે છે, તો તેનાથી એની બુદ્ધિમાં પ્રકાશ પડે છે, અને તે ધીરે ધીરે વધતો જાય છે. સૂર્યોદય થતાં પ્રકાશ થયો, પછી ધીરે ધીરે એ પ્રકાશ પ્રખર બનતો જાય છે. આવી રીતે એક એક વસ્તુ આગળ વધતી જાય છે તેમ ઉત્તરોત્તર બુદ્ધિ—પ્રકાશ વધે છે.



ભગવાન એક સાથે બધું જ્ઞાન નથી આપી દેતો. તેણે જેટલું જ્ઞાન આપ્યું છે, તદનુસાર આચરણ કરવા માંડો. પછી તે જરૂર પડતાં વધારે જ્ઞાન આપશે. તમારે તો જેમ સૂર્યોદય થતાં સૂર્ય—કિરણો ઘર—ઘર પહોંચી જાય છે, તેમ જ્ઞાનને પણ ઘર—ઘર પહોંચાડી દેવાનું છે.

સૂર્યને તમે ક્યારેય જુઓ, તે પોતાનાં કિરણો સાથે જ દેખાશે. સેવક પણ પોતાના સેવકત્વથી પળભર પણ અળગો ન રહી શકે. તેનું સેવકત્વ જીવન સાથે વણાઇ જવું જોઇએ. જેનામાં આજે સેવકત્વ છે અને કાલે નથી, તે સેવક જ નથી. તેને માટે સેવકત્વ એનું શરીર નથી બન્યું, શરીર ઉપર પહેરેલું કપડું જ બન્યું છે, એમ માનવું. કપડું હમણાં પહેર્યું અને હમણાં ઉતાર્યું! જે સેવકત્વ જીવન સાથે વણાઇ ગયું હોય, તે આવી રીતે ઉતારી નાખી નથી શકાતું.

### હમેશાં લોકો પડઘો પાડે, એવી કામના નહીં

સૂર્ય આપણને નિષ્કામ કર્મયોગ શીખવી રહ્યો છે. આપણને ક્યારેય એવો અનુભવ થાય કે લોકો આપણી વાત માને તો આપણે સુખી અને ન માને તો દુઃખી, તો સમજવું કે આપણું કર્મ નિષ્કામ કર્મ નથી અને આપણી સેવામાં કાંઇક ઊણપ છે, આપણે લોકોની સેવા કરવાને બદલે લોકો ઉપર આપણી કંઇક સત્તા લાદવા માગીએ છીએ. માટે સેવકે ઈશ્વરને પ્રાર્થના કરવી જોઇએ કે 'મારી અસર સમાજ ઉપર થવી જોઇએ'— એવી કોઇ ભાવના મારા મનમાં રહી હોય, તો તેને દૂર કરે. મને એવો વિશ્વાસ છે કે મનમાં પરોપકારની વાસના રાખ્યા વિના કામ કરવામાં આવશે, તો તેનું અત્યંત શીઘ્ર પરિણામ આવશે. સૂર્ય ઊગે છે, તો તુરત આખી દુનિયાને પ્રકાશિત કરે છે. પરંતુ શું એ

કોઇ એવી વાસના રાખે છે કે લોકોએ જલદી ઊઠવું જોઇએ, જલદી–જલદી પોતાના દરવાજા ખોલી નાખવા જોઇએ, મને પોતાના દરવાજા ખોલી નાખવા જોઇએ, મને પોતાના ઘરમાં પ્રવેશ આપવો જોઇએ? એ તો બસ માત્ર ઊગે છે. એ સેવક છે. આવીને સ્વામીના દરવાજા ઉપર ઊભો રહી જાય છે. જો કોઇ દરવાજો નહીં ખોલે દે, તો એટલો જ પ્રવેશ કરશે અને પૂરો ખોલી નાખે, તો પૂરો પ્રવેશ કરશે. તમે દરવાજો બંધ રાખશો, તો તેને તોડીને કે તેને ધક્કો મારીને એ ઘરમાં નહીં પ્રવેશે, બહાર જ ઊભો રહેશે. દરવાજો જરીક ખૂલ્યો કે તુરત અંદર પ્રવેશશે. પોતાનાં બધાં કિરણો સાથે એ બહાર પ્રતીક્ષા કરતો ઊભો છે કે માલિક ક્યારે દરવાજો ખોલે અને ક્યારે હું તેની સેવા માટે અંદર જાઉં. આ સેવકની મર્યાદા છે અને તત્પરતા છે.

પરંતુ એ પોતે કદી ગેરહાજર નહીં રહે. સ્વામીને મન ફાવે ત્યારે જાગવાનો હક છે. તે સૂતો રહેવા માગે, તો તેને સૂવાનો હક છે. પણ સેવકને સૂવાનો હક નથી. તેણે તો સેવા માટે તત્પર રહીને હંમેશાં જાગતા જ રહેવાનું છે. તેણે એવી વાસના છોડી દેવી કે સ્વામી જલદી જાગે. આવી રીતે સૂર્યનારાયણનો આદર્શ સામે રાખીને આપણે નિષ્કામ કર્મયોગ કરતા રહીશું, તો સાચી સેવા કરી શકીશું અને સત્તા ચલાવવાની વાસના દુનિયામાંથી જલદીમાં જલદી દૂર કરી શકીશું.



# જો દ્રષ્ટિ બદલાય જાય તો...

–ઉપાધ્યાય શ્રી પુંડરીકવિજયજી મ.સા.

હું એકવાર ટ્રેનમાં પ્રવાસ કરી રહ્યો હતો. ટ્રેનમાં બધા શાંતિપૂર્વક બેઠા હતા. વાતાવરણમાં શાંતિ અને સ્વસ્થતા હતી. તેમાં અચાનક એક પુરુષ તેનાં બાળકો ટ્રેનમાં દાખલ થયાં. બાળકો એટલા બધા ધમાલિયા અને ઘોંઘાટીયા હતા કે તરત વાતાવરણ બદલાઇ ગયું.

પેલો પુરુષ મારી પાસેની બેઠકમાં બેઠો અને તેની આસપાસની પરિસ્થિતિથી જાણે અલિપ્ત હોય તેમ તેણે આંખો બંધ કરી દીધી. તેનાં બાળકો શોર બકોર કરી રહ્યાં હતાં. ચીજવસ્તુઓ ગમે તેમ ફેંકી રહ્યાં હતાં. આટલી ધાંધલ ધમાલ છતાં મારી પાસે બેઠેલ પુરુષ પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવા કશું જ કર્યા વિના બેસી રહ્યો.

આ પરિસ્થિતિમાં અકળામણ ન થાય તે બહુ મુશ્કેલ હતું. હું માની ન શક્યો કે કોઇ પુરુષ પોતાના બાળકોને આમ છૂટા મૂકી દઇ કશું જ ન કરે તેવો અસંવેદનશીલ હોય.

ટ્રેનનાં બીજા પ્રવાસીઓ પણ અકળાઇ રહ્યા હતા. તે દેખી શકાતું હતું. છેવટે મે અસાધારણ ધીરજ અને સંયમપૂર્વક આ પુરુષને ઉદ્દેશીને કહ્યું:–

ભાઇ! તમારાં બાળકો આસપાસના મનુષ્યોને ખૂબ ખલેલ પહોંચાડી રહ્યાં છે. શું તમે તેમને જરા નિયંત્રણમાં ન રાખી શકો?

જાણે પરિસ્થિતિ પ્રત્યે હમણાં જ સભાન થઇ રહ્યો હોય તેમ

તેણે માથું ઉચક્યું અને ધીમેથી બોલ્યો. હા, તમારી વાત સાચી છે. મને લાગે છે કે મારે કંઈક કરવું જોઈએ.

અમે હમણાં હોસ્પિટલમાંથી આવી રહ્યા છીએ, જ્યાં આ બાળકોની માતાનું એક કલાક પહેલાં મૃત્યુ થયું છે. મારું મગજ જાણે કામ જ નથી કરી રહ્યું. અને મને લાગે છે કે બાળકોની પરિસ્થિતિ પણ કાંઈક આવી છે.

આ વાત સાંભળીને મારા નકશાઓ બદલાઈ ગયા. મારી જોવાની દ્રષ્ટિ જ સમૂળગી બદલાઈ ગઈ.

★ ★ ★

શંભુ પ્રસાદ ગીતાપાઠી હતા. નિત્ય ગીતાજીના સાતસો શ્લોકોનો પાઠ કરે. પછી જ મોમાં અન્નપાણી લે. આ વડીલની ધાર્મિકતા આખા કુટુંબમાં પ્રસરી હતી. સ્વજનો અને સ્નેહીજનો સહુ કહેતા કે ધર્મના કારણે આખા કુટુંબમાં કેટલી બધી શાંતિ અને સંપ છે.

પણ શી ખબર શું થયું? કોઈની ઈર્ષ્યાની હાય લાગી ગઈ? પૂર્વજન્મનાં કર્મો પોકાર્યાં? શંભુ પ્રસાદના બે દીકરા હતા. નંદો–લાભુ જોઈ લો રામલક્ષ્મણની જોડી. બેયનાં લગ્ન થયાં. ઘરમાં વહુઓ આવી.

આ વહુઓએ ઘરમાં કુસંપ અને કજીયાની આગ લગાડી દીધી. બન્નેનો સ્વભાવ પિત્તળ, બેય ઈર્ષ્યાળુ, બેય કજીયાળી, બોલવાનું શરૂ કરે એટલે બંધ જ ન થાય. દિવસે ખૂબ લડે અને રાતે પોતાના પતિઓ પાસે રડે. તેમને ભાઈની વિરુદ્ધમાં ઉશ્કેરે.

બિચારા નંદો અને લાભુ. રોજની ચડવણી સામે ટકી ન શક્યા. તેઓમાં પરસ્પર ખટરાગ થયો. ઝઘડો થયો. મારા મારી પણ થઈ. પત્નીનો પક્ષ લેવા જતાં બે ભાઈઓ છેલ્લી કક્ષા સુધી



પહોંચી ગયા. આડોશી પાડોશી પણ ત્રાસી ગયા.

કેટલાય મહિનાઓ સુધી આ ધમસાણ ચાલ્યું. આનો કોઈ ઉકેલ લાવવા માટે વડીલ પાડોશીઓ ભેગા થયા. સહુને લાગતું હતું કે આ ઝઘડો બધાને ઝઘડાખોર માનસવાળા બનાવશે. એમાં બોલાતી બિભત્સગાળો નાના બાળકોનાં મોં ઉપર ચડી જશે.

રાતે બાર વાગ્યા સુધી વડીલોએ વિચારણા કરી. છેવટે એવો નિર્ણય કરવામાં આવ્યો કે બે ભાઈઓમાં નંદો જે નાનો ભાઈ છે તેની પાસે લાભુ કરતા ધંધો સારો છે. વળી બાપ દાદાના સમયનું એક ઘર પણ છે જે ગામના નાકે હોવાથી એ એક સગવડતા છે. બાકી ઘર ઘણું વિશાળ છે. આપણે નંદાને સમજાવવો કે તે આ ઘર છોડીને સપરિવાર ત્યાં ચાલી જાય. ભલે થોડી અગવડ પડે.

બીજે દિ’ વડીલો નંદા પાસે ગયા. ભાઈ–ભાભીના રોજના કજીયાથી પાડોશીઓ કેવા ત્રાસી ગયા છે? વગેરે વાતો જણાવી. નંદાએ વડીલોની વાત સ્વીકારી. એક માસમાં ઘર છોડી દેવાની તેણે ખાતરી આપી.

જે દિવસે નંદાએ ઘર છોડ્યું તે દિ’ તે ભારે ઉદાસ હતો. આમાં લાભુને પોતાનો વિજય જણાતો હતો. જ્યારે નંદો ઘરને છેલ્લી સલામ કરીને જવા લાગ્યો ત્યારે લાભુની પત્નીએ નંદાની પત્નીને ટોણો મારતાં કહ્યું, એમ ત્યારે અંતે નીકળવું પડ્યું ને?

આ સાંભળી નંદાની પત્ની વાઘણની જેમ વીફરી. ઘરમાં પાછી ફરીને ખૂબ બોલી, ઘણી ગાળો દીધી. છેલ્લે કહ્યું, તમને લોકોને ખેદાન મેદાન ન કરી દઉં તો જો જો...

સમય પસાર થવા લાગ્યો. ચાર વર્ષના વહાણા વાઈ ગયા. જુદા થવાથી પાડોશીઓને અપાર શાંતિ થઈ.

એક દિવસ જાત્રાએ નીકળેલી દૂરની સગી થતી ચાર આધેડ વયની નંદાને ઘેર ઉતરી. વિસામો લઈને તેમને જાત્રાએ આગળ વધવું હતું. રાત્રે ચાર જણીઓ બહાર ઓટલે બેસીને વાત કરવા લાગી. નંદો અંદરના રૂમના હીંસકે બેસીને સાંભળવા લાગ્યો.

એક બાઈએ બીજી બાઈઓને કહ્યું, આ નંદાની તમને ખબર છે? તે જયારે નાનો હતો. ત્યારે તેના મોટા ભાઈ લાભુની સાથે ગામના તળાવે ન્હાવા ગયાં હતાં. તેમાં આગળ વધતા ઉંડા પાણીમાં નંદો ડૂબવા લાગ્યો. તેણે લાભુ, લાભુ! ભાઈ બચાવો એવી બૂમો પાડી.

લાભુ તળાવની પાળે ઉભો હતો. નાનકડા ભાઈની બૂમો સાંભળતા જ તેણે તળાવમાં ઝંપલાવી દીધું. ડૂબકીઓ ખાતા નંદાને બાથમાં લઈ લીધો. પુષ્કળ પાણી પીને નંદો બચી ગયો. જો એ દિ' લાભુ ન હોત તો આ નંદાના સો વરસ ત્યાં જ પુરા થઈ જાત.

આ બધું સાંભળીને નંદો સ્તબ્ધ થઈ ગયો. ઉંડા વિચારમાં ગરકાવ થઈ ગયો.

સવારે ઉઠીને તરત સો સો રૂપિયાની વીસ નોટો કોટના ગજવામાં નાંખીને નંદો લાભુના ઘેર ગયો એને ઘરે આવેલો જોઈને પાડોશીઓ ફફડી ગયા. તેમને થયું કે શું આજે પાછો મોટો ઝઘડો થશે? લાભુની પત્ની પણ ઝઘડવા માટે સજ્જ થઈ ગઈ.

નંદાએ ઘરમાં આવીને હીંચકા ઉપર બેઠક લીધી. લાભુના ચાર સંતાનોને બોલાવ્યા. ખૂબ લાડકર્યા. પછી બધાને પીપર—ચોકલેટ આપી. છોકરાની મા આ જોઈને સ્તબ્ધ થઈ ગઈ. તેણે ચા બનાવી. ચા આપી. નંદાએ ચા પીધી.

આટલી વારમાં સ્નાન કરીને લાભુ બહાર આવ્યો. ચાર વર્ષમાં લાભુએ ધંધામાં નુકશાની કરી હતી. ભિખારી જેવી હાલતમાં આવી ગયો હતો. ચારે બાજુ નજર ફેરવતાં નંદાને ખ્યાલ આવી ગયો.



લાભુ સાથે નંદાએ પ્રેમથી વાતો કરી. ધંધા બાબત પૂછપરછ કરી. બધું સાંભળી લઈને નંદાએ મોટાભાઈને કહ્યું. ચાલો, જાઉં છું. હવે તમે બધા ચાર દિવસમાં જ આ ઘર બંધ કરીને મારે ઘેર આવી જજો. હવે આપણે કાયમ સાથે જ રહેવું છે. મારો ધંધો ખૂબ સારો ચાલે છે. આટલું કહીને નંદો ઉઠ્યો. તે વખતે કોઈને ખબર ન પડે તેવી રીતે હીંચકાની ગાદી નીચે સોસોની વીસ નોટોની થપ્પી દબાવી દીધી.

ડેલી સુધી લાભુએ નંદાને વળાવ્યો. આજે તેની આંખમાં આગ ન હતી. આંસુ હતાં. બસ, દ્રષ્ટિ બદલાઈ ગઈ. સર્વત્ર શાંતિ પ્રસરી ગઈ. દ્રષ્ટિ બદલી નાંખો કામ થઈ જશે.

★ ★ ★

એક દિવસની વાત છે. મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમમાં રેંટિયો કાંતી રહ્યા હતા. એ જ વખતે લાલબહાદુર શાસ્ત્રીજી બહારગામથી સાબરમતી આશ્રમમાં આવી પહોંચ્યા.

શાસ્ત્રીજીનો ઝભ્ભો ફાટી ગયો હતો. અચાનક ગાંધીજીનું ધ્યાન ત્યાં ગયું. ગાંધીજીએ તરત કહ્યું. લાલ બહાદુર! આ ઝભ્ભો ફાટી ગયો છે. હા બાપુ, હું જાણું છું કે ઝભ્ભો ફાટી ગયો છે. પણ એવો સમય જ ન મળ્યો કે હું ઝભ્ભો શિવડાવવા જઈ શકું. અહીંથી જાઉં પછી શિવડાવી દઈશ.

શાસ્ત્રીજીનો જવાબ સાંભળીને ગાંધીજી બોલ્યા. તમે લાંબી મુસાફરી કરીને આવ્યા છો. થાકી ગયા હશો. સૌથી પહેલા તમે સ્નાન કરી લો એટલે તમારો થાક ઉતરી જશે.

શાસ્ત્રીજીએ ઝભ્ભો કાઢીને ત્યાં ગાદી ઉપર મૂક્યો અને પોતે સ્નાન કરવા જતા રહ્યા. એટલે ગાંધીજીએ સોયદોરાથી શાસ્ત્રીજીનો ફાટેલો ઝભ્ભો સાંધી કાઢ્યો અને ખીંટીએ ટીંગાડી દીધો.

શાસ્ત્રીજી સ્નાન ધ્યાન કરી ગાંધીજી પાસે આવ્યા. જોયું તો ઝભ્ભો ન હોતો. ગાંધીજીએ શાસ્ત્રીજીને ખીંટી પર ટીંગાડેલા ઝભ્ભા તરફ નિર્દેષ કર્યો. શાસ્ત્રીજીએ ઝભ્ભો પહેરતાં જોયું કે ઝભ્ભો સીવેલો હતો. શાસ્ત્રીજી હજુ તો ગાંધીજીને પૂછવા જતા હતા કે તુરંત ગાંધીજીએ કહ્યું:—

લાલ બહાદુર! આપણે સૌ એકબીજા ઉપર નિર્ભર ન રહીને પોતાનું કામ પોતે જ કરવા લાગશું ત્યારે આપણને આઝાદી મળશે. આપણું આટલું નાનું કામ આપણે બીજા પર છોડી દઈશું તો દેશનું શું થશે? પૂરી આઝાદી આપણને કેવી રીતે મળશે?

આ ઘટના બાદ શાસ્ત્રીજી એમનું કોઈ પણ કામ બીજાના ભરોસે નહોતા મુકતા. પ્રધાનમંત્રી બન્યા પછી પણ શાસ્ત્રીજીએ ગાંધીજીની આ શીખ હંમેશ માટે યાદ રાખી. ગાંધીજીએ પોતાના આચરણ દ્વારા શીખામણ આપી. અધિકારનો ઉપયોગ ન કર્યો.

★ પોતાની માને અવગણી હજારો માળા ગણી,
આપણે પ્રભુ ભણી જઈ શકીએ એ વાત દૂર ઘણી.
★ દીકરા કેરા મુખને જુએ, આંખ વિનાની મા,
કિન્તુ દેખી શકતો દીકરો જોઈ શકે ના મા!
★ પ્રભુને પામવા કેરો શુભારંભ થાય છે ક્યારે?
જનેતાની જ ભક્તિથી શરૂઆત થાય છે ત્યારે.



# શું ભગવાન આજે પણ આપણી સાથે વાત કરે ખરો?

ડૉ. આઈ. કે. વિજળીવાળા

પરદેશની આ વાત છે. એક યુવાન ફક્ત પોતાની જિજ્ઞાસા સંતોષવા માટે ચર્ચની 'રાત્રિ—કલબમાં' ગયેલો. પાદરી આવી કલબોમાં શું પ્રવચન આપે છે એ જાણવાની ઉત્કઠામાત્રથી પ્રેરાઈને એ ગયેલો. અને એ દિવસે પાદરીએ કંઈક જુદું જ પ્રવચન આપ્યું. એ રાત્રિકલબનો મુખ્ય મુદ્દો હતો : 'ભગવાન આજે પણ લોકો સાથે વાત કરતો હોય છે.'

પાદરીના આ સંદર્ભના શબ્દો કે આ મુદ્દો, બેમાંથી એકેય એ યુવાનને ગળે ન ઊતર્યા. ધર્મગ્રંથોનાં એનાં એ જ ચવાઈ ગયેલાં વાક્યોમાંનું આ એક વાક્ય જ એને લાગ્યું. છતાં મિટિંગ પૂરી થયા બાદ એ પાદરી પાસે ગયો અને પૂછ્યું : 'ફાધર, શું સાચ્ચે જે ભગવાન આપણને સલાહ—સૂચનો આપતો હોય છે ખરો? શું એ ખરેખર આપણને દોરવણી આપી શકે કે પછી એ બધી ધર્મગ્રંથોની માન્યતાઓ જ માત્ર છે? અને ધારો કે કદાચ એ આપણી સાથે વાત કરે તો પણ કઈ રીતે કરતો હોય છે?'

એના આટલા બધા પ્રશ્નોના જવાબમાં પાદરી હસીને કહે કે, 'બેટા! ભગવાન હંમેશાં આપણી જોડે રહીને આપણને દોરતો જ હોય છે. આપણા મનમાં જ એ આપણી સાથે વાત કરી શક્ત તો હોય છે. અરે! હું તો એમ કહીશ કે એ તો આપણી સાથે વાત કરવા માટે આતુર હોય છે. આની ખાતરી કરવી હોય તો આપણા મનમાં ઉદ્ભવતા એના આદેશનું બસ ચૂપચાપ પાલન

કરતા જવું. બાકીનું બધું એ જ બતાવશે.'

પાદરીના શબ્દોની ઊંડી અસર એ યુવાન પર થઇ. પાદરીનાં વાક્યો પર એને સંપૂર્ણ વિશ્વાસ તો ન જ બેઠો, પરંતુ પોતે ક્યારેક તો આવો પ્રયોગ કરવો એવું એણે મનોમન નક્કી કરી લીધું. વિચારોમાં જ એણે ગાડી સ્ટાર્ટ કરી. ગમે તે હોય પણ પાદરીનું વાક્ય 'ભગવાન હંમેશાં આપણી સાથે વાત કરવા આતુર હોય છે!' વારંવાર એના મનમાં ઘૂમરાતું હતું. કાર શરૂ કરીને એણે આકાશ તરફ જોયું. પ્રયોગ કરવો જ હોય તો ક્યારેક શું કાચ? આજે કેમ નહીં એવું વિચારીને એણે મનોમન કહ્યું કે, 'હે ભગવાન! તું જે હોય તે અને જ્યાં હોય ત્યાં! શું તું આજે પણ લોકો સાથે વાત કરી શકે છે ખરો? જો એવું હોય, અને એ સાચું હોય તો મારી સાથે વાત કર. મને પણ કંઇક આદેશ આપ! હું દિલથી અને નિષ્ઠાપૂર્વક તારા શબ્દોનું પાલન કરવાની કોશિશ કરીશ.'

એને આ બધું વિચિત્ર પણ લાગતું હતું અને હસવું પણ આવતું હતું. છતાં આવી પ્રાર્થના મનોમન કરીને એણે કારને ગિયરમાં નાખી. હજુ તો સોએક ફૂટ જેટલું જ અંતર માંડ કાપ્યું હશે ત્યાં જ એના મનમાં એક વિચિત્ર વિચાર ઊઠ્યો. કોઇ જાણે એને કહી રહ્યું હતું કે, 'દૂધની એક કોથળી ખરીદી લે!' આવા વિચિત્ર વિચારથી એને હસવું આવી ગયું. અમીર બાપના દીકરાને ચા, દૂધ, જમવાનું અરે દરેક જરૂરિયાત માગ્યા પહેલાં પૂરી પડાતી હતી, તો પછી દૂધની કોથળીની તો એને શું જરૂર હોય? આ પહેલાં એને ક્યારેય દૂધની કોથળી ખરીદવાની જરૂર નહોતી પડી તો પછી આજે શું કામ ખરીદવાની? એને સમજાયું નહીં કે આજે જ. જિંદગીમાં પ્રથમ વાર એને દૂધની કોથલી



ખરીદવાનો વિચાર કેમ આવી રહ્યો છે? છતાં એણે નક્કી કરી લીધું હતું કે ગમે તેવો વિચિત્ર વિચાર આવે તો પણ એનું બરાબર પાલન કરવું જ.

પોતાના વિચિત્ર વિચાર તેમજ નિર્ણય બંને પર એને હસવું આવતું હતું છતાં એણે દૂધની કોથળી ખરીદી. પછી ઘર તરફ કાર આગળ વધારી. લગભગ એકાદ કિલોમીટર જેટલું આગળ ગયો હશે ત્યાં જ ઓક જગ્યાએ એના મનમાંથી ફરીથી અવાજ ઊઠ્યો કે. 'અહીંથી ડાબી તરફ વળી જા!' હવે એ યુવાનને પોતાની જાત પર બરાબરનું હસવું આવી ગયું. પોતે મૂર્ખામીભરી હરકતો કરી રહ્યો છે એનું પણ એને સતત ભાન હતું. ભગવાન તો આવી રીતે વાત કરતો હશે? એવું વિચારીને એણે પોતાના મનમાં ઊઠેલ અવાજને દબાવી દીધો. પછી ઘર તરફ કારને આગળ વધારી. પરંતુ ખબર નહીં શું કામ, પણ એનું મન જાણે એને વારંવાર ફરજ પાડી રહ્યું હતું કે, 'તું પાછો ફર અને સાતમા વળાંક પર જઇ પછી ડાબી બાજુ વળી જા!'

એણે કારને રસ્તાની બાજુમાં થંભાવી દીધી. બે ક્ષણ પૂરતો વિચાર કર્યો. પછી ફરી એક વખત આજે તો આદરેલો પ્રયોગ ગમે તે ભોગે પૂરો કરવો જ એવો સંકલ્પ કર્યો અને મનમાંથી ઊઠતા કોઇ પણ અવાજનું અક્ષરશ : પાલન કરવું એવું નક્કી કરી કારને પાછી લીધી. સાત નંબરના વળાંક પાસે જે જગ્યાએ ડાબી બાજુ વળવાનો વિચાર આવેલો ત્યાં પહોંચીને કારને એણે ડાબી તરફ વાળી. થોડી વારમાં જ એ જર્જરિત મકાનોથી ઘેરાયેલા ચોકની બરાબર મધ્યમાં પહોંચી ગયો. આજુબાજુનાં મકાન તેમજ એ ગલીની હાલત જોતાં ત્યાં ગરીબ લોકો જ વસતા હશે એનો તરત જ ખ્યાલ આવી જતો હતો. હવે શું

કરવું એમ વિચારતો એ ઊભો હતો ત્યાં જ મનમાંથી ફરીથી અવાજ ઊઠ્યો કે, 'બરાબર સામેના છેડે ઝાંખા અજવાળાવાળું જે મકાન દેખાય છે તેનું બારણું ખખડાવીને દૂધની આ કોથળી આપી દે!'

'બસ, હવે તો આજના આ ગાંડપણની હદ આવી ગઈ!' એ યુવાન મનોમન બોલ્યો. પછી આકાશ સામે જોઈને એ સ્વગત બડ્યો : 'હે ભગવાન! આ કામ કદાચ મારાથી નહીં થાય, કારણ કે કાં તો એ ઘરમાં વસતા માણસો મને ગાંડો ગણશે અથવા તો મૂરખ માનશે. અર્ધી રાતે તમારું બારણું ખખડાવીને કોઈ સાવ અજાણ્યો માણસ દૂધની કોથળી આપે તો કેવું લાગે? નહીં પ્રભુ! મારે માણસો સાથે વાત કરવાની તારી ઢબ કે રીત નથી સમજવી અને તું હજુ પણ લોકો સાથે વાત કરે છે એની ખાતરી પણ નથી કરવી.' મનોમન એટલું બબડીને એણે કાર શરૂ કરવા હાથ લાંબો કર્યો. એ જ વખતે પેલા ઘરમાંથી કોઈના રડવાનો અવાજ સંભળાયો અને સાથે જ એના મનમાંથી આ વખતે જાણે કડક હુકમના સ્વરૂપમાં આદેશ આવ્યો કે, જા! એ ઘરમાં દૂધની કોથળી આપી આવ!'

ખબર નહીં આ બંને ઘટનાઓએ એના પર શી અસર કરી પરંતુ કારનો દરવાજો ખોલીને એ માણસ બહાર નીકળ્યો. પેલા ઘર પાસે જઈ એણે બારણું ખખડાવ્યું.

'કોણ છે? આટલી રાત ગયે કોણ હશે? રાતના બાર વાગી ચૂક્યા છે અને બહાર કેટલો બરફ પડી રહ્યો છે! કોનું કામ છે ભાઈ, કોણ છો આટલી રાતે?' મેલાંઘેલાં કપડાંવાળા એક પુરુષે બારણું ખોલ્યું. એની પાછળ એવાં જ મેલાં કપડાં પહેરેલી સ્ત્રી એના રડતા બાળકને છાનું રાખવા એને ખભે રાખીને



થપથપાવતી ઊભી હતી.

'બોલો ભાઈ, કોનું કામ છે તમારું?' પેલા યુવકને જોઈને મેલાં કપડાંવાળા પુરુષે પૂછ્યું.

'આ લઈ લો! આ દૂધની કોથળી આપવા માટે હું આવ્યો છું!' એટલું બોલીને એ યુવાને દૂધની કોથળી આ દંપતી સામે ધરી.

જાણે કોઈ ચમત્કાર જોતાં હોય તેમ પતિ–પત્ની એકબીજા સામે જોવા લાગ્યાં. પછી બંનેની આંખમાંથી આંસુની ધારા વહી નીકળી. રડતાં રડતાં પેલો પુરુષ માંડ બોલ્યો, 'ભાઈ! અમે લોકો ખૂબ મોટી આફતમાં ફસાઈ ગયાં છીએ. ગયા મહિને મારી નોકરી છૂટી ગઈ. બાળક નાનું હોવાથી મારી પત્ની કામ પર જઈ શક્તી નથી. અત્યંત આર્થિક તંગી અને અન્ય તકલીફોને કારણે અમે હેરાન થઈ ગયાં છીએ. અમારી પાસેની બચત પણ ખલાસ થઈ ગઈ છે. પાછલા બે દિવસથી અમે પતિ–પત્ની જમ્યાં પણ નથી. પરંતુ આજ સવારથી તો આ નાના બાળકને દૂધ પણ નથી મળી શક્યું. અમે બંને જણ તો પાણી પીને પણ સૂઈ જઈએ પરંતુ આ નાનો જીવ એવું કઈ રીતે સમજી શકે? સાંજથી એણે ભૂખથી રડવાનું શરૂ કર્યું છે તે બંધ જ નથી થતું. છેલ્લા એક કલાકથી અમે પતિ–પત્ની ભગવાનને પ્રાર્થના કરતાં હતાં કે હે ભગવાન કાં તો આ બાળકના દૂધની કંઈક વ્યવસ્થા કરી આપ અને નહીંતર પછી અમને મરવાની હિંમત દે. બસ એજ વખતે તમે આવી પહોંચ્યા!' આગળ એક પણ શબ્દ એ માણસ ન બોલી શક્યો.

પતિના હાથમાંથી દૂધની કોથળી લઈ રસોડા તરફ જતી એ સ્ત્રી પાછી ફરીને બોલી, 'હું મારા પતિને કહેતી હતી કે સાચા

દિલથી ભગવાનને પ્રાર્થના કરીશું તો એ જરૂરથી કોઇ દેવદૂતને બાળક માટે દૂધની વ્યવસ્થા કરીને મોકલશે. હેં ભાઇ! સાચ્ચું બોલજો હો, તમે દેવદૂત છો?'

પેલા યુવાનની આંખમાંથી આંસુની ધારા વછૂટી ગઇ. કંઇ પણ બોલ્યા વિના પોતાના પાકીટમાં જે કંઇ પૈસા હતા તે બધા જ એણે એ ઘરની ફર્શ પર મૂકી દીધા. પછી ચૂપચાપ એ પોતાની કાર તરફ વળ્યો. કાર શરૂ કરી. પાછી વાળતાં પહેલાં આકાશ તરફ જોયું. બે હાથ જોડ્યા અને આંસુભરી આંખે ફક્ત એટલું જ બોલી શક્યો કે, 'હે ભગવાન! તું લોકો સાથે આજે પણ વાત કરી શકે છે એ વાતની મને આજે બરાબર ખાતરી થઇ ગઇ. પ્રભુ!'

રાતના સન્નાટામાં એની કાર ઘર તરફ દોડવા લાગી.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# પ્રસંગ સંકલન

**અનંત શુક્લ**

### ખાદીની પ્રતિષ્ઠા

એક જમાનો હતો સત્યાગ્રહનો. અંગ્રેજોના દમન સામે, અંગ્રેજોના અન્યાય સામે ગાંધીજીએ અપનાવેલું શસ્ત્ર 'સત્યાગ્રહ' ખાદીનો પોશાક કાર્યકર્તાઓ, આગેવાનો પહેરતા. એ જમાનામાં ખાદી એટલે શસ્ત્રવિહીન ક્રાંતિનું પ્રતીક, ખાદી એટલે શ્રદ્ધાનું પ્રતીક, ખાદી એટલે વિશ્વાસનું પ્રતીક, ખાદી એટલે સદાચારનું પ્રતીક વગેરે વગેરે ગણાતું.

એ સમયની આ વાત છે. ઘટના હતી વ્યક્તિગત સત્યાગ્રહની. પ્રામાણિક અને નિષ્ઠાવાન વ્યક્તિઓની પસંદગી થતી. સ્વૈચ્છિક રીતે સત્યાગ્રહી બનવા લોકો આગળ આવતા. એ સમયે સિક્કાનગર (મુંબઇ)ની એક બહેને સત્યાગ્રહી થવાની જાહેરાત કરી. લેમિંગ્ટન રોડ પરના પોલિસ સ્ટેશન સામે અંગ્રેજ સરકાર વિરોધી ભાષણ કર્યું. એમની ધરપકડ થઇ. તે સમયે શિરસ્તા મુજબ આવા આરોપીઓને ઘરે જઇ સામાન લઇ આવવાની છૂટ મળતી પરંતુ આ બહેનને તે છૂટ ન મળી. તેમને સીધા અદાલતમાં લઇ જવાનું નક્કી થયું. આ સત્યાગ્રહ જોનાર એક ખાદીધારી વ્યક્તિ ટોળામાં હાજર હતો. પેલાં સત્યાગ્રહી બહેને પોતાની સોનાની બંગડીઓ, કિંમતી મોતીનો હાર, હીરાજડિત બુટ્ટી વગેરે કાઢી પેલા ખાદીધારી વ્યક્તિ (જેને આ બહેન જાણતા પણ ન હતાં) ને આપી દીધું. પોતાના ઘરનું સરનામું તેને આપ્યું.

પેલા ભાઇએ પૂછ્યું, ''બહેન, તમે મને ઓળખતાં નથી, જાણતાં નથી. આ ઘરેણાં લઇને હું ભાગી નહીં જાઉં એની ખાતરી

શી?''

પેલાં સત્યાગ્રહી બહેને જવાબ આપતાં કહ્યું, ''શરીરે તમારા ગાંધીજીની ખાદી છે, એથી વધારે વિશ્વાસ, શ્રદ્ધા અને નિરાંતનું કારણ શું હોઇ શકે?''

આ હતી ખાદીની પ્રતિષ્ઠા!!!

### પુરવઠા મંત્રી

સરકાર સુવ્યસ્થિત ચલાવવા મંત્રીઓની જરૂર પડે છે. અનેક વિભાગો હોવાથી દરેક વિભાગનો વહીવટ યોગ્ય રીતે ચાલે અને પ્રજાની સુખાકારી વધે તે હેતુથી જે–તે વિભાગના મંત્રી હોય છે. વાત છે આપણા પુરવઠા મંત્રીશ્રીની. મંત્રી કેવા હોવા જોઇએ એનો ઉકેલ આપતી આ ઘટના છે.

શ્રી મનોહરસિંહજી જાડેજા ગુજરાત રાજ્યના પુરવઠા મંત્રી હતા. તેમના કાર્યકાળમાં બનેલી આ ઘટના છે. એક મામલતદારે ગરીબ વ્યાપારી પાસેથી મસમોટી રકમની લાંચ લીધી હતી. એ વ્યાપારીને માર્ગદર્શન મળ્યું કે તમે આ અંગેનું સોગંદનામું કરી આ વિભાગના મંત્રીશ્રીને મળો અને તમારી સાથે મામલતદારશ્રીએ કરેલા વર્તનની જાણ કરો. વ્યાપારી પુરવઠા મંત્રીશ્રીને મળ્યા અને હકીકત સંભળાવી. મંત્રીશ્રીએ તરત જ પેલા ભ્રષ્ટ મામલતદારને બરતરફ કર્યા.

બરતરફ અધિકારી સામે થયેલ હુકમને રદ કરાવવા ભ્રષ્ટ અધિકારી મંત્રીશ્રીના પક્ષના મોટા માથાઓને મળ્યા અને તેમને ગાંધીનગર મોકલ્યા. આ લોકોએ મંત્રીશ્રી પાસે જઇ અધિકારીનો હુકમ રદ કરવા આગ્રહપૂર્વક રજૂઆત કરી. મનોહરસિંહજીએ તેઓને પૂછ્યું, ''આ ઘટના અને આ સોગંદનામું તથા તે રજૂ કરનાર તમને ખોટા લાગે છે? પેલા આગેવાનોએ મંત્રીશ્રીની વાત



સાંભળી અને તે વાતમાં તથ્ય છે તેવું સ્વીકાર્યું. છતાં તેઓએ કહ્યું, 'અમે સૌ પક્ષના છીએ, આપ પક્ષના પ્રધાન છો તેથી આપે અમારી વિનંતી સ્વીકારવી જોઇએ.'

મંત્રીશ્રીએ રાજવી અદાથી કહ્યું, 'હું પક્ષનો છું, પણ મને પક્ષે પક્ષ ચલાવવા અહીં નથી બેસાડ્યો. અહીં હું વહીવટ ચલાવવા માટે છું. તમે બધા એવું ઇચ્છો છો કે હું ભ્રષ્ટ વહીવટદારોને રક્ષણ આપી પ્રજાનો, પક્ષનો અને મારી જાત સાથે દ્રોહ કરું?' બધા ચૂપચાપ નીકળી ગયા. મંત્રી કેવા હોવા જોઇએ એનું આ ઉદાહરણ છે.

**–સૌજન્ય સંકલન શ્રેણી અંક ૨૭૬**

દા.......એટલે આપવું જે (હંમેશા) આપે છે દાદા સૌનું ધ્યાન રાખે છે, દરેકને જરૂર પુરતું આપે છે, દાદા આપ્યા પછી પાછું લેતા નથી. જગતમાં આપનાર (દાતા)નું સ્થાન સૌથી ઉચું છે. ઉ.દા. વરસાદ વરસાવતા વાદળોનું સ્થાન સૌથી ઉંચે (આકાશમાં) છે, જ્યારે ભુમિપર પડેલું પાણી નદી, ઝરણાં દ્વારા સ્વીકારતા સમુદ્રનું સ્થાન નીચે છે, દાદા એટલે સર્વ શ્રેષ્ઠ દાતા, દાતા કરુણામૂર્તિ છે આપણા શુભ–ચિંતક, સંરક્ષક પણ છે.

જગતમાં ત્રણ દાદા જોયા છે (૧) શંકર દાદા (૨) ગણપતિ દાદા (૩) હનુમાન દાદા.

ચોથા દાદા આપણા પિતાજીના પિતાજી છે જેણે તે પ્રત્યક્ષ હોય તે નસીબદાર છે. **–દાદા**

# મન સાથે મૈત્રી

—વિમલા ઠકાર

અધ્યાત્મને કેવળ માનસિક કર્મનો વિષય સમજશો નહીં. આ વાત ફરી ફરીને સો વાર કહેવાનું મન થાય છે. લોકો પૂછે છે, ધ્યાન કેવી રીતે કરો છો? અરે ભાઇ, ધ્યાન જો કંઇક કરવાનો વિષય બની જાય તો તો મુસીબતોનો કોઇ પાર નથી. પૂજા કરી શકાય, પણ ધ્યાન કેમ કરાય? જ્યાં સુધી મનનો, ઇન્દ્રિયોનો તથા વાણીનો વ્યવહાર ચાલતો રહે છે ત્યાં સુધી કર્મ છે, ક્રિયા છે. જ્યારે અહીં હું એમ કહી રહી છું કે મન દ્વારા આત્માની ઉપલબ્ધિ નહીં થઇ શકે, તો પછી એમ પૂછો છો કે ધ્યાન કેવી રીતે કરવું! અને ધ્યાનની પ્રક્રિયા શી રહેશે? અને આપ અમને ધ્યાનની પ્રક્રિયા શીખવો. આવા અયોગ્ય ખોટા પ્રશ્નો ઊભા કેમ થાય છે? કેમ કે અધિષ્ઠાન વિશે જ એક ભ્રમ છે. એક ખોટી ધારણા છે કે માનસિક ક્રિયા દ્વારા આત્મી ઉપલબ્ધિ થઇ શકે છે.

બહુ જ વિનમ્રતાપૂર્વક આ તથ્યને સમજવું જોઇએ કે શરીરમાં રહીને આપણે મન દ્વારા જીવીએ છીએ. The via–media of existence for us is mental action. આપણને હજુ સુધી મનને પેલે પાર જે જીવન છે એ જીવનનો પરિચય થયો નથી. એટલે આપણે સવારથી સાંજ સુધી મન દ્વારા, મનના માધ્યમથી જ જીવીએ છીએ, અને આ માધ્યમ દ્વારા આત્મોપલબ્ધિ ઝંખીએ છીએ, પણ એ શક્ય જ નથી. એમ કદાપિ થઇ શકશે જ નહીં.



અતીન્દ્રિય સૃષ્ટિમાં શું શું બને છે અને અતીન્દ્રિય ક્ષેત્રની અનુભૂતિઓ કેટલી મધુર હોય છે, કેટલી માદક હોય છે એનું વર્ણન તો આપને અતિ રોચક લાગશે. હું એનું વર્ણન કરવા માંડું તો અતિ મધુર લાગશે પરંતુ એનું વર્ણન કરીને સમયનો દુર્વ્યય કરવો યોગ્ય નથી અને એ જરૂરી પણ નથી. માનો કે તમે મુંબઇ જવા માટે પ્રવાસ કરી રહ્યા છો. તમે સાવધાન છો. મનનો કાન સાથે, આંખ સાથે સંબંધ જોડાયેલ છે. મન, કાનથી, આંખથી, નાકથી ઉપસ્થિત છે તો અમદાવાદથી મુંબઇ સુધીની યાત્રામાં બંને બાજુ જે જોશો તે તમારી આંખ જોશે. જે શબ્દો સંભળાશે તે કાન સાંભળશે. તેમ છતાં, બંને તરફનાં દશ્યોમાં આપ ખોવાઇ નહીં જાઓ, કે આ દશ્ય સારું છે. માટે ચાલો અહીં ઊતરી જઇએ. તમે કહેશો કે ના આપણે તો મુંબઇ જવું છે. જે રીતે દશ્યોને જુઓ છો એ જ રીતે જેઓ બહિર્મુખ દૃષ્ટિને અંતર્મુખ બનાવી, અનંતયાત્રા પર નીકળી પડે છે એમને અતીન્દ્રિય સૃષ્ટિમાંથી પસાર થવું પડે છે. તો એવી અનુભૂતિઓ થશે પરંતુ ત્યાં અટકવાનું નથી, ફસાવવાનું નથી અને ભૂલથી પણ એને આત્માની અનુભૂતિ સમજશો નહીં.

તો પછી શું કરશો? કરવું એ જોઇએ કે માનસિક ક્રિયાઓને શાંત થવાનો અવસર આપવો જોઇએ. આ સૌથી મોટો પુરુષાર્થ છે. માનસિક ક્રિયાઓને શાંત થવા દેવી એ પરમ પુરુષાર્થ છે. એમાં ઘણા સાહસની જરૂર છે. લોકોએ વિચાર્યું કે ચાલો મનથી પ્રભુ નથી મળતા તો આપણે મન સાથે લડશું, એની સામે સંઘર્ષ કરશું, મનને દબાવશું, કચડશું, મનમાં ઊઠતા વિચારોને, વિકારોને યમ—નિયમ દ્વારા દબાવી દેશું.

સદીઓ વીતી ગઇ. કદાચ હજારો વર્ષ વીતી ગયાં. પૂર્વ

હોય કે પશ્ચિમ હોય, માનવ મન સાથે લડતો રહ્યો. પણ મનને કોઇ મારી શક્યું નથી કે જીતી શક્યું નથી અને જેમણે મનને માર્યું છે એમનું વ્યક્તિત્વ કુંઠિત થયું છે. એમનું જીવન છિન્નવિચ્છિન્ન થઇ ગયું છે.

તો શું કરવું? જો મન દ્વારા નથી થતું તો મન સાથે શું કરવું? કૃપા કરીને મનને શત્રુ તો ન જ સમજશો. માનસિક વિકાર કે વિચાર સંઘર્ષ કરવાની વસ્તુ નથી. મન સાથે સંઘર્ષ કરવાથી શું થશે? જેમ કોમ્પ્યુટર અને ઇલેક્ટ્રોનિક મગજમાં તમે માહિતી ભરો છો તે જ રીતે સદીઓથી, આદિમાનવથી માંડીને આજદિન સુધી આપના મનમાં અને બુદ્ધિમાં જે સંસ્કારો ભર્યા છે, એને પોતાની એક ગતિ છે અને તમે ચેતન મનની સહાયથી અચેતન મન સાથે લડવા માંડશો એટલે કે બુદ્ધિની મદદથી આપ અચેતન મન સાથે લડશો. જે ક્ષણે આપ મનને શત્રુ સમજશો તે જ ક્ષણે આપ આપના મન સાથે સંઘર્ષમાં ઊતરશો અને તમારે પક્ષે કોણ છે? તમારી બુદ્ધિ કે જેનામાં વિચાર કરવાની ક્ષમતા છે અને બીજી બાજુ જન્મોજન્મથી એટલે કે માનવના જન્મોજન્મથી કહી રહી છું—તમે ભલે એમ માનતા હો કે તમે એક વ્યક્તિ છો, પરંતુ તમે અને હું કોઇ જ નથી! આપણે તો વૈશ્વિક ચેતનાની ઉત્ક્રાંતિ માટે કેવળ એક કડી છીએ. મારા શરીરમાં કે મારાં મનબુદ્ધિમાં મારું પોતાનું કાંઇ જ નથી. પેઢી દરપેઢીએ જે કંઇ આપવામાં આવ્યું ને જે વિકસિત થતું આવ્યું એનો એક પુંજ માત્ર છે.

અહંકાર અને બુદ્ધિની મદદથી અચેતનમાં પડેલા સંસ્કારપુંજની સાથે સંસ્કારભંડાર સાથે, સંસ્કારકેન્દ્ર સાથે આપણે



વિખવાદમાં ઊતરી પડ્યા અને પરિણામે આપે અનુભવ્યું હશે કે જો એ વિચારોને, વિકારોને દબાવીએ છીએ તો એ બીજા સ્વરૂપે ઊભા થયા છે. કામને દબાવવા ગયા તો ક્રોધના રૂપમાં કામ જ ભભૂમી ઊઠ્યો. એટલે આપે જોયું હશે કે અધ્યાત્મને નામે સાધના કરનારા સાધકોમાં, બ્રહ્મચારીઓમાં, સંન્યાસીઓમાં, મઠોમાં મંદિરોમાં રહેનારા મહંતોમાં, મુનિઓમાં અહંકારનો એટલો તીવ્ર દંશ છે કે એમની પાસે બેસતાં એમના શ્વાસોચ્છ્વાસથી ગૂંગળામણ અનુભવીએ છીએ. અંતરંગ ગૂંગળાય છે, કેમ કે સઘર્ષ કરીને, નિગ્રહ કરીને, આત્માને પીડીને કોઇ ને કોઇ રીતે તત્ત્વને જ પોતાની અંદર દબાવવાનો પ્રયત્ન કર્યો છે. એ ત્યાં દબાઇ ગયા તો બીજા રૂપમાં બહાર આવ્યા. ભાઇ, અહંકાર અતિ ચતુર અને કુશળ છે. અહંકાર કોઇ ને કોઇ રીતે પણ એનું ક્ષેત્ર બનાવી લે છે. લગ્ન નહીં કરે, ઘર નહીં વસાવે તો ચાલ ભાઇ, તમારાથી એ આશ્રમ બનાવડાવે છે! And the sense of belonging. Someone belongs to me and I belong to them. મારું પણ કોઇ છે અને હું કોઇનો છું. મારી વિચારપદ્ધતિ અને જીવનપદ્ધતિ અનુસાર મેં ચાલનારા તૈયાર કર્યા, પણ અહંકાર તો મોજૂદ જ છે. 'મેં આટલા લોકોનું પરિવર્તન કર્યું'...અહાહાહા, અહંકારને બીજા સાથે લડવા માટે ને જીતવા માટે સ્થૂળ ક્ષેત્ર મળી ગયું. Qualification of ego, whether it is in the sensual world or in the transcendental world is not spirituality at all.

# છાશની હાશ પર્વ

–જ્યોત્સ્નાબહેન ત્રિવેદી

"સત્કર્મોની સુગંધ રેલી સદ્‌ગુરુને દીપાવીશું." આપણી પ્રાતઃ પ્રાર્થનાના મંજુલ સ્વરો પ્રત્યક્ષરૂપ ધરીને પ્રગટ થઇ જતા હોય તેમ સ્વર્ગારોહણને આંગણે સત્કર્મો દ્વાર ખખડાવતાં હોય છે. કેટલાંક નિમંત્રણ પામીને આવે છે, કેટલાંક સ્વયં આવે છે. સત્કર્મો નિત્ય નવીન રૂપ ધરીને આવે છે, આવે છે ને આવે જ છે.

ભાદરવી પૂનમ એટલે હવે માત્ર ગુજરાતનું જ નહીં પણ ભારતના વિવિધ રાજ્યોમાં પણ ગાજતું થયેલું પર્વ. અષાઢી એકાદશીએ સૌની મીટ પંઢરપુર તરફ મંડાય, તેમ ભાદરવી પૂનમે અંબાજી તરફ મંડાય. સ્વર્ગારોહણ પણ આ પર્વ માટે સજ્જ બની જાય.

આ વર્ષે આ પર્વ ભટ્ટ પરિવારના સેવક પુત્ર શ્રી પ્રકાશભાઇ ભટ્ટની સ્મૃતિમાં રાખવામાં આવ્યું હતું. પ્રકાશ ભાઇ એક એવા મૂક સેવક કે મુંબઇના જ નહીં પણ મુંબઇ બહારના પણ અને યોગેશ્વર પરિવારના જ નહીં, કોઇપણ વ્યક્તિને સામે ચાલીને મદદ કરે; તન, મન, ધનથી, અને તેમાં પત્ની જ્યોતિબેન અને પુત્રી બીજલનો સાથ સહકાર પણ હોય જ.

આ વર્ષે પણ આપણી સેવાઓ પ્રત્યેક વર્ષની જેમ જ હતી. મુખ્યત્વે છાશ, દવાઓ, ડ્રેસીંગ, એક્યુપ્રેશર, પાણી, સફાઇ, રૈન બસેરા.

તા. ૫ થી તા. ૮ સપ્ટેમ્બર સુધી આ સેવાની અવધિ હતી. સેવાની શરૂઆત સવારે ૧૦/૧/૨ વાગે મંત્રગાન પ્રણામ અને શ્રી શ્રી



માએ કરાવેલી પ્રાર્થનાથી થઇ જતી. ગત વર્ષની શ્રી શ્રી માની ઉપસ્થિતિ આ વર્ષે પણ વિશેષ પ્રાર્થનાઓ દ્વારા સૂક્ષ્મ ઉપસ્થિતિનો અહેસાસ કરાવતી હતી. વિશેષ ટોપી, માસ્ક, માની લીડરશીપ અને સ્વર્ગારોહણનું શૌર્ય ભર્યું પ્રતિજ્ઞા ગીત સેવકોમાં જાણે નવો ઉત્સાહ પ્રેરતી હતી. આ વખતે ટોપી ન હતી પણ સહુ જાણે પૂ.માના દોર્યાં ચાલતાં હોય તેવું લાગતું હતું.

પ્રથમ દિવસની પ્રાર્થના પ્રભુને મા જાણે બાળકો વતી યાચના કરતાં હોય, સાથે કૃપા વર્ષા અને આશીષ વર્ષા કરતાં હોય, તેવા ભાવ જગત્‌નું નિર્માણ થતું.

**આ રહી એ પ્રાર્થનાઓઃ–**

★ સૌની જીવન યાત્રા શાંતિ પ્રદાયક, સુખ પ્રદાયક ધર્મપરાયણ હજો.

★ જે જે સેવામાં જોડાશે તેમનું પણ સહુ પરિવાર હે પ્રભુ! મંગલ કરજો.

★ હે પ્રભુ! આ સ્વજન સેવા મંડળીને દર વરસે અહીં ઉતારતા રહેજો.

★ સૌને સેવાની શક્તિ આપજો. સૌને આપના ચરણોમાં ભક્તિ આપજો.

★ પ્રભુ આપના આ બધા બાળકોની સર્વ સ્થળે ક્ષણે ક્ષણે રક્ષા કરજો.

પછી સહુ ૯ મંત્રગાન કરી, મા પ્રભુને સાથે અને પાસે રહેવાની વિનંતિ કરી યા હોમ કરીને પોત પોતાની સેવામાં જોડાઇ ગયા. ઘડીભર જાણે યુદ્ધ ભૂમિ પર કાર્ય ન ચાલતું હોય તેવો અહેસાસ કરાવે. ઉંચું જોવાની જ કોઇને ફુરસદ ન હોય તો, આઘાપાછા થવાની વાત ક્યાંથી આવે? પદયાત્રીઓ તેમના ગરબા

અને માઈકના સૂરોમાં મસ્ત હોય પણ સ્વર્ગારોહણને આંગણે જરા છાશ પીવાનો, પાણી પીવાનો અને થાક ઉતારવાનો, ઘાયલ શરીરના અંગોની સુશ્રુષા કરાવવાનો લ્હાવો લે. રાત્રે વિશ્રાંતિ પણ લે.

આ વખતે મેઘરાજાની મહેરબાની હતી. મા અંબા સહુને વર્ષાથી નહીં, કૃપા વર્ષાથી વધાવતી હતી. પદયાત્રીઓ ખૂબ દૂરથી ઓછામાં ઓછા ૫૦ કિ.મી. ચાલતા હતા. સહુના ચરણની ચાલક શક્તિ તો મા અંબા પ્રત્યેની શ્રદ્ધા હતી. કોઇ ભક્તિથી કોઈ બાધા આખડીથી, કોઈ કોઈ રીતે માના ચરણે નમવા આવ્યા હતા. આ વખતે પ્રથમ દિવસની છાશ ઝટપટ પતી ગઇ. પણ પાણી, દવાખાનું, એક્યુપ્રેશરની સેવા રાત સુધી ચાલુ રહી. એક્યુપ્રેશરમાં શ્રી પ્રભુભાઈ હળવદિયા એક ફૂટ મસાજર લાવ્યા હતા, જેનાથી યાત્રીઓના પગના ગોટલાઓને ખૂબ રાહત થઇ જતી. શ્રી મયૂરી બેન પણ ઘૂંટણ અને પગના પંજાનાં મોજાં લાવ્યાં હતાં અને જરૂરિયાતવાળા ભાઈ બ્હેનોને તેમણે નિઃશુલ્ક આપ્યાં હતાં. વાઈબ્રેટર અને મસાજરની સેવામાં સહુને પાંચ વાગ્યા સુધીતો ઉંચું જોવાની પણ ફુરસદ ન મળી.

બીજે દિવસની તૈયારીમાં ભોજન સત્સંગ પછી સહુ લાગી ગયા. તે કામ પણ ખૂબ પરિશ્રમ માંગી લે.

બીજા દિવસની શરૂઆત પણ પૂ.માની મંગલ પ્રાર્થનાઓ સાથે જ થઈ.

બીજા દિવસે એક છ વર્ષનો બાળક અમદાવાદથી લગભગ ૨૦૦ કિ.મી. ચાલીને આવ્યો હતો, તેનો મોટોભાઈ ૯ વર્ષનો હતો. તે દિવસ શાળામાં ચાલુ દિવસ હતો. મેં સહજ પૂછ્યું "ભાઈ, સ્કુલમાંથી રજા લઈને આવ્યો. કહે ના માસી હું તો



ભણતો જ નથી." પૂછ્યું, કેમ! તો કહે માતા પિતા દેવલોક પામ્યાં છે ઘરડી દાદી છે અમને કોણ ભણાવે! ખૂબ વેદના થઈ. માતા પિતા એ ઈશ્વરનું કેટલું મોટું છત્ર છે તેનું ભાન થયું. તે બાળકો ઉત્તર પ્રદેશના હતા.

આ વર્ષે ડોકટરી સેવા તન, મનથી જ નહીં, પણ ધનથી પણ કરી. ઝણોરની ડોક્ટર ટીમે, કેવું સરસ! ડોક્ટર સાહેબને જાતજાતના પેશન્ટો સાથે શાંતિથી અને ધીરજપૂર્વક કામ કરતા જોવા તે પણ લ્હાવો છે. થાક્યા વગર, કંટાળ્યા વગર, સૂગ રાખ્યા વગર સહુની અવિરત સેવા ધન્યવાદને પાત્ર છે. એમની સેવામાં પૂ.શ્રીમાનું વિશિષ્ટ ચૈતન્ય ઉભરાતું અનુભવાય.

ત્રીજા દિવસે પણ શ્રી શ્રી માએ કરાવેલી શુભ પ્રાર્થનાથી કાર્યની શરૂઆત થઈ.

★ હે પ્રભુ સૌને નિઃસ્વાર્થ બેનર વગરની સેવા, વિડિયો વગરની, ન્યુઝ પેપર વગરની, ટી.વી. ચેનલ વગરની, સેવા કરવાની સદ્‌બુદ્ધિ આપજો.

★ હે પ્રભુ ભૂલમાં પણ મેં કર્યું છે કે હું કરું છું એવો અહંકાર ના પ્રવેશવા દેતા.

હે પ્રભુ! અમે તો આપના સૌથી નાના બાળક છીએ. ભૂલે ભરેલા બાળક છીએ.

હે પ્રભુ! અમારી ભૂલોને ક્ષમા કરો.

હે પ્રભુ! સાચી સેવાની સૂજ સતત ધરતા રહો ને હે પ્રભુ! નમ્રતાનો પ્રસાદ પણ ધરતા રહેજો.

હે પ્રભુ! સેવાની શક્તિ આપજો.

હે પ્રભુ! ભક્તિ આપજો.

હે પ્રભુ! રક્ષા કરજો.

ત્રીજા દિવસે ગરમી અસહ્ય હતી. છાશ પાણી અમૃતનું કામ કરી રહ્યાં હતાં. આ વખતે રાત્રે ચાલનારા યાત્રીઓ પણ ખૂબ હતા. યાત્રા પૂર્વે પડેલા વરસાદે યાત્રીઓની ખૂબ કસોટી પણ કરી હતી. ઉલ્ટી અને લો પ્રેશરના દર્દીઓ પણ ઘણાં હતાં.

ચોથા દિવસે પણ નિત્યક્રમ પ્રમાણે જ પ્રાર્થના સાથે કાર્યનો શુભારંભ થયો. શ્રી શ્રી માની પ્રાર્થનાના શબ્દો કેવા જાગૃતિ ધરનારા છે. દરેક પ્રવૃતિ પાછળની સભાનતા આ પ્રાર્થનાના શબ્દોથી આપણને જગાડી જાય છે.

★ હે પ્રભુ અમારા અંતિમ શ્વાસ સુધી આપનું નામ અને આપના આ સ્વર્ગારોહણની સેવા કરતા અમે તમારે દ્વારે આવી શકીએ એવી કૃપા કરજો.

હે પ્રભુ! પદની લાલસા, પ્રતિષ્ઠાનો ભાર, ખુરશીનો લોભ, સન્માનની ઇચ્છા એ બધું જ અમારા મન—અંતરમાં પથરાયેલું છે તેનો નાશ કરો.

હે પ્રભુ! સેવા કરતાં કરતાં જીવન ધન્ય કરીએ.

હે પ્રભુ! માનવ સેવા માટે પ્રાણ ધરી દેવાની શક્તિ આપો.

હે પ્રભુ! સ્વર્ગારોહણ મારું પૃથ્વી પટે અતિશય પ્રિય સ્થાન છે, એવું હું સમજું ને હે પ્રભુ! વારંવાર મને અહીં ઉતારતા રહેજો.

આ સેવા પર્વમાં લગભગ એક લાખ માણસોએ પાણી પીધું, ૪૦ થી ૪૫ હજાર માણસોએ છાશ પીધી. ૫ થી ૬ હજાર માણસોએ દવાનો લાભ લીધો. એક્યુપ્રેશરની સેવા પણ અગણિત માણસોએ લીધી. આપણી સેવા મંડળીએ રાત્રે લગભગ હજાર માણસોને સૂવાની વ્યવસ્થા આપી. આ પર્વ એટલે આપણા નિમંત્રેલા લાભાર્થીઓનું નહીં પણ—સામેથી આવેલા લાભાર્થીઓનું સામે ચાલીને આવેલી સેવાનું પર્વ. આ વર્ષે ૩૦ લાખ લોકો આ અંબાજીની ધરતી ઉપર પધાર્યા. ખોબા જેવડું અંબાજી માનવ મહેરામણથી ઊભરાઇ ગયું.



મેળા ટાણે સેવાઓમાં પણ વિવિધતા જણાઇ. એક ભાઇ ટ્રક ભરી પાણીના પાઉચ, તો બીજા ટ્રક ભરી સફરજન વહેંચવા લાવ્યા. તો કોઇ કેળાં ને કોઇ બુંદી. તો વળી કોઇ ચા—પાણી ને નાસ્તો કરાવતા. પદયાત્રીઓને રાહત ને સુખ પહોંચાડવાનો કેવો સરસ ભાવ!

આવેલા સહુ સેવકો શ્રી શ્રી મા પ્રભુનો ખૂબ ખૂબ આભાર માનતા હતા. આ પણ જીવનનો એક લ્હાવો છે એવું અનુભવતા હતા. યાત્રીઓ પણ સેવામાં સહભાગી થતા હતાં. કેટલાંક આર્થિક સહયોગ ધરવા પણ ઇચ્છા દર્શાવતા હતા. સ્થાનિકો પણ આ સેવાનો લાભ લઇ જતા.

આ વર્ષે મોટે ભાગે સેવક વૃંદ સીનીયર સીટીઝનનું જ હતું. યુવા સાધકોની ગેરહાજરી તરી આવતી. અંબાજી મંદિરની વ્યવસ્થા પણ અદ્ભુત હતી. કોઇપણ યાત્રીને દર્શન ન થાય, ધક્કા મુક્કી ના થાય, તેવી સંપૂર્ણ વ્યવસ્થા હતી. તો મ્યુનિસિપાલટીના સેવકોએ પણ ખૂબ ધ્યાનથી અંબાજી સ્વચ્છ રહે તેની કાળજી રાખી હતી.

હે મા અંબા, આપના પ્રાગટ્ય દિને દર વર્ષે અમે આવી શકીએ ને યાત્રીઓની સેવાનો લાભ અમને મળતો રહે તેવી કૃપા કરજો.

# શ્રી રસેશ્વરી

—શ્રી યોગેશ્વરજી

## વૃંદાવનમાં

કૃષ્ણનું જીવન એ પછી વિભિન્ન વાતાવરણમાં વિભિન્ન પ્રકારની પરિસ્થિતિઓમાં થઇને પસાર થવા માંડ્યું.

એમણે જેની કલ્પના પણ નહોતી એવા સમાચાર સાંભળ્યા.

દુર્યોધન સાથેની યુધિષ્ઠિરની દ્યૂતક્રીડા પછી પાંડવોને દ્રૌપદી સાથે વનમાં જવું પડ્યું.

રાજસૂય યજ્ઞના અનુષ્ઠાનને લીધે યુધિષ્ઠિર સમસ્ત ભારતના ચક્રવર્તી સમ્રાટ બની ગયા.

ભારતના જુદાજુદા રાજામહારાજાઓએ સાર્વભૌમત્વનો સ્વીકાર કર્યો.

એથી અને એવાં જ કેટલાંક નાનામોટાં બીજાં કારણોથી દ્વેષભાવે ભરાયેલા દુર્યોધને યુધિષ્ઠિરને દ્યૂતક્રીડા માટે બે બે વાર આમંત્રણ આપ્યું અને એના પરિણામે આખરે પાંડવોને વનમાં જવું પડ્યું.

એ સમાચાર કૃષ્ણને માટે શોકપ્રદ ને ચિંતાકારક થઇ પડ્યા.

પાંડવોને વિપત્તિના એ વિપરીત વખતે બનતી બધી જ રીતે મદદરૂપ થઇ પડવાનો એમણે સંકલ્પ કર્યો.

પાંડવોને માટે એમના દિલમાં પરમ પ્રેમ હોવાથી એવો સંકલ્પ એમને સારું સહજ હતો.

★ ★

ભારતના વિવિધ પ્રદેશોને પોતાનાં પદચિહ્નોથી પાવન



કરનારા કૃષ્ણ બળરામ સાથે સૂર્યગ્રહણના શુભ અવસરપર તીર્થધામ કુરુક્ષેત્રની યાત્રાએ ગયા ત્યારે દેવકી તથા વસુદેવે પણ એ અસાધારણ યાત્રાનો લાભ લીધો.

કૃષ્ણ સૌ સ્વજનોને ને સુહૃદોને પ્રેમપૂર્વક મળ્યા.

નંદ ને યશોદા વસુદેવ તથા દેવકીને મળીને ઊંડી પ્રસન્નતાનો અનુભવ કરવા લાગ્યાં.

એ વખતે નંદ, યશોદા અને ગોપગોપીઓની ઇચ્છાને માન આપીને કૃષ્ણ બળરામ સાથે ગોકુળ તથા વૃંદાવન ગયા.

એમનું વૃંદાવનગમન રાધા તથા સુપ્રિયાને માટે અતિશય આનંદદાયક ને શાંતિકારક થઇ પડ્યું.

રાધાએ કૃષ્ણને કહ્યું પણ ખરું :

‘હૃદયમાં ઊંડેઊંડે ઇચ્છા તો હતી જ કે આપણે ફરી પાછાં મળી શકીએ તો સારું. એ ઇચ્છા આજે પૂરી થાય છે એથી મને આનંદ થાય છે.’

કૃષ્ણે કહ્યું :

‘ગોપગીપીઓને કુરુક્ષેત્રમાં મળ્યા પછી વૃંદાવનમાં આવવાનું કોઇ ખાસ પ્રયોજન ન હતું છતાં તારું આકર્ષણ એવું અનેરું હતું કે એ જ મને ખેંચી લાવ્યું. હું આવ્યા વિના રહી શક્યો જ નહીં.’

‘કેટકેટલા અનુરાગશીલ આત્માઓના અસાધારણ આકર્ષણથી આકર્ષાઇ ને તું અહીં આવ્યો હશે તેની કોને ખબર છે? પરંતુ તારું આગમન છે અતિશય આનંદદાયક ને અમંગલનાશક એમાં સંદેહ નહીં. કેમ સુપ્રિયા, તને શું લાગે છે ? ’ (ક્રમશઃ)